**समानो मन्त्रः** (ઋગ્વેદ) **समानी प्रपा** (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઇન


સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૪ ફેબ્રુઆરી : ૨૦૧૦ અંક : ૮



**: પરામર્શનસમિતિ :**

| **ભગવતીકુમાર શર્મા** | **ભોળાભાઈ પટેલ** | **પ્રફુલ્લ રાવલ** |
|---|---|---|
| પ્રમુખ | વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય | પ્રકાશનમંત્રી |

**: તંત્રી :**

યોગેશ જોષી

**: સહતંત્રી :**

પ્રફુલ્લ રાવલ



## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ ▯ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
E-mail : gspamd@vsnl.net
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com





### અ નુ ક્ર મ


**પરિષદ-પ્રમુખનો પત્ર** ભગવતીકુમાર શર્મા

**કવિતા** અપરાધ • ચન્દ્રકાન્ત ટોપીવાળા, હસ્તક્ષેપ • ચન્દ્રકાન્ત ટોપીવાળા, ટાપુ : બે ચિત્રો • ડૉ. સિલાસ પટેલિયા, ઓૅચાઈ ગયો છે માણસ... • ઇન્દુ પુવાર

**પ્રાસ્તાવિક** કવિતાના પૂર્ણયોગના પ્રારંભે • પ્રબોધ ર. જોશી

**શ્રદ્ધાંજલિ** રાજેન્દ્ર શાહ : જીવનછવિ • ધીરુ પરીખ, સત્યનિષ્ઠા, સૌંદર્યનિષ્ઠા, સમાજનિષ્ઠા અને કર્તવ્યનિષ્ઠા એટલે... • અજય પાઠક

**સમીક્ષા/ગ્રંથાવલોકન** માનવીય સંવેદનને પર્યાવરણ સાથે જોડતી વાર્તાઓ • ઇલા નાયક, સર્જકતાનો નવોન્મેષ • રતિલાલ બોરીસાગર

**પુનરપિ** આયુષ્યના અવશેષે • રાજેન્દ્ર શાહ

**સાહિત્યવૃત્ત** સંકલન : પ્રફુલ્લ રાવલ

**પરિષદવૃત્ત** સંકલન : રાજેન્દ્ર પટેલ

**આવરણચિત્ર** શારદા મુદ્રણાલય

# પરિષદ-પ્રમુખનો પત્ર

**'ઝટ ડહોળી નાખો રે**
**મન-જળ થંભ થયેલું.'**

પ્રિય અને આદરણીય મિત્રો,

સૌપ્રથમ આપ સર્વને ઈસુના નવા વર્ષનાં હાર્દિક અભિનંદન. આ નવી સાલ ગુજરાતી ભાષા અને સાહિત્ય માટે વિશેષ ઉન્નતિકારક સિદ્ધ થાય તેવી આપણા સર્વની અંતઃકરણપૂર્વકની શુભ ભાવના હોય જ. વળી ૨૦૧૦ એ ગુજરાત રાજ્યની સ્થાપનાનું સુવર્ણજયન્તી વર્ષ છે. પચાસ વર્ષ પહેલાં એટલે કે સન ૧૯૬૦ની તારીખ પહેલી મેની પરોઢે અમદાવાદમાં સાબરમતી નદીના સાન્નિધ્યે પૂ. રવિશંકરદાદાના આશીર્વાદથી અલગ ગુજરાત રાજ્યનું મંગલાચરણ થયું એ ઘટનાના જે કેટલાક ધન્ય સાક્ષીઓ હતા તેમાંનો એક હું પણ હતો જેનું મને ગૌરવ છે. ત્યાર પછીના આ અડધા સૈકામાં ગુજરાત અનેક તડકા-છાંયડા અને આસમાની-સુલતાનીમાંથી પસાર થતું રહ્યું છે, પરંતુ સંતોષની વાત એ છે કે ગુજરાતની અનેકદેશીય વિકાસયાત્રાની ગતિ જળવાઈ રહી છે અને ગુજરાત દેશનું એક પ્રગતિશીલ રાજ્ય બન્યું છે.

પરંતુ સાહિત્યક્ષેત્રનાં માનવીઓ તરીકે આપણી પ્રથમ અને પરમ નિસબત તો એ પ્રશ્નનો ઉત્તર શોધવાની જ હોય કે આ અડધી સદીમાં, ગુજરાતનું પૃથક્ રાજ્ય રચાયા પછી ગુજરાતી ભાષા અને સાહિત્યનો વિશેષ ઉત્કર્ષ થયો છે ખરો ? ગુજરાતી ભાષાસાહિત્ય પરત્વેની ગુજરાતીભાષી પ્રજાની રુચિ અને પ્રીતિમાં વૃદ્ધિ થઈ છે ખરી ? આ પ્રશ્નોના ઉત્તર બહુ ઉત્સાહપૂર્વક હકારમાં કદાચ આપી શકાય તેમ નથી, છતાં ચિત્ર સંપૂર્ણપણે નિરાશાજનકેય નથી.

ગુજરાતી ભાષાના અસ્તિત્વના ભાવિ પરત્વે જ્યારથી ગુજરાતી ભાષા-સાહિત્યના હિતચિંતકોએ ચિંતા દર્શાવવા માંડી તેની સમાંતરે ગુજરાતી ભાષા-સાહિત્યમાંનાં ગુજરાતીભાષી પ્રજાનાં રસ-રુચિનું જતન-સંવર્ધન કરવાના સભાન પ્રયત્નો પણ શરૂ થયા છે અને તેનાં કિંચિત રૂડાં પરિણામો આવવાની આશા બંધાવા લાગી છે. આ સંદર્ભમાં 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પૂર્વપ્રમુખ અને મારા સમર્થ પુરોગામી આદરણીય શ્રી નારાયણભાઈ દેસાઈનાં પ્રેરણા અને નેતૃત્વ હેઠળ 'પરિષદે' જે ગુજરાતવ્યાપી સાહિત્ય-યાત્રાઓ શરૂ કરી તેનો મારે સવિશેષ ઉલ્લેખ કરવો જોઈએ. આ 'સાહિત્યયાત્રાઓ'ને મળેલા બહોળા પ્રજાકીય પ્રતિસાદથી પ્રોત્સાહિત થઈને અનુભવોને આધારે તેને વધુ જનસંપર્કલક્ષી બનાવવાના ધ્યેય સાથે આગળ ધપાવવાનો 'પરિષદ'ના નવા કાર્યવાહકોએ 'પરિષદ'ના નવસારી-અધિવેશનમાં નિર્ણય કર્યો જે સર્વથા સમર્થનીય જ હોય. આગામી સમયમાં ગુજરાતનાં ભિન્ન ભિન્ન ક્ષેત્રો આવી સાર્થક સાહિત્યયાત્રાઓથી ગુંજાયમાન થતાં રહેશે તેવી મને શ્રદ્ધા છે.





અહીં મને કવિ નર્મદની પ્રસિદ્ધ કાવ્યપંક્તિ સાંભરે છે :

**'ઝટ ડહોળી નાખો રે**
**મન-જળ થંભ થયેલું.'**

ગુજરાતી ભાષા-સાહિત્ય પ્રત્યેની પ્રજાકીય પ્રીતિ-ભક્તિનાં જળ જે કંઈક થંભ થયેલાં અનુભવાતાં હતાં તેને ડહોળી નાખી તેમાં નવાં નવાણ ફૂટે તે માટેની સભાનતાનું સિંચન હવે શરૂ થયું છે અને 'પરિષદ' યોજિત 'સાહિત્યયાત્રા'ને પગલે પ્રસિદ્ધ ચિન્તક અને શિક્ષક ડૉ. ગુણવંત શાહે પણ આદિકવિ નરસિંહ મહેતાની ભૂમિ જૂનાગઢથી 'અર્વાચીનોમાં આદ્ય' કવિ નર્મદની જન્મભૂમિ સુરત સુધીની 'માતૃભાષા વન્દનાયાત્રા'નું આયોજન કર્યું છે. ગયે મહિને ગાંધીનગરમાં ત્યાંની 'કલ્ચરલ ફૉરમ' નામની સંસ્થા દ્વારા પંદર દિવસનું 'સાહિત્યપર્વ' યોજાયું હતું. આ 'સાહિત્યપર્વ' પણ બે વર્ષ પહેલાં ગાંધીનગરમાં યોજાયેલા સાહિત્ય પરિષદના અધિવેશનની એક ઉપલબ્ધિ સમાન લેખાય. આ 'સાહિત્યપર્વ' પ્રસંગે ગાંધીનગરમાં 'ગ્રંથ-રથયાત્રા' ઘૂમી હતી અને તેમાં કુલ બાવીસ હજાર જેટલાં વિવિધ શાળાઓનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો તે સવિશેષ ઉલ્લેખનીય છે. આવા અનેક ઉપક્રમો યોજાવા જોઈએ અને તો ગુજરાતી ભાષાના અસ્તિત્વના ભાવિ વિશે જે કંઈક નિરાશાજનક વાતાવરણ પ્રવર્તે છે તેમાં ઓટ આવશે.

આવા ઉપક્રમોની સકારાત્મક ઉપલબ્ધિ વિશે હું આશાવાદી છું. આવો આશાવાદ સેવવા માટે ઠીક ઠીક કારણો નવસારીમાં યોજાઈ ગયેલા 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પિસ્તાળીસમા અધિવેશને આપણ સૌને પૂરાં પાડ્યાં છે. અલબત્ત, સ્વીકારવું જોઈએ કે આ અધિવેશનમાં સ્થાપિત સાહિત્યકારોની હાજરી કંઈક ઓછી હતી, પરંતુ તેનું સાટું શાળા-મહાશાળાઓનાં વિદ્યાર્થી- વિદ્યાર્થિનીઓની વિશાળ તથા જિજ્ઞાસુ ઉપસ્થિતિએ વાળી દીધું હતું અને આ હકીકત ગુજરાતી ભાષાના ભાવિ સંબંધે શ્રદ્ધાપ્રેરક બની શકે તેવી છે. આના પૂરતાં અણસાર 'પરિષદ'ના કીમના જ્ઞાનસત્રમાં મળ્યા હતા. પરિષદ-પ્રમુખ તરીકેના મારા વ્યાખ્યાનમાં પણ મેં ગુજરાતીઓની નવી પેઢીમાં માતૃભાષા અને તેના સાહિત્ય પ્રત્યે વિશેષ પ્રેમ અને રસ પ્રગટાવવાની આવશ્યકતા પર ખાસ ભાર મૂક્યો છે. હું તો એવા ભવિષ્યની અપેક્ષા રાખું છું જ્યારે 'પરિષદ'નાં અધિવેશનો કે જ્ઞાનસત્રોમાં એક આખી બેઠક યુવાલક્ષી હોય.

એવી જ આવશ્યકતા 'પરિષદ'નાં અધિવેશનો અને જ્ઞાનસત્રોમાં પ્રતિનિધિઓ અને શ્રોતાઓની વિશેષ તથા સક્રિય સહભાગિતાની પણ છે જ. 'પરિષદ'ના મંચ પરથી કેવળ વિદ્વદ્‌ભોગ્ય પ્રવચનો થતાં રહે અને શ્રોતાઓ તેનું શ્રવણ કરે અથવા ન કરે તો વ્યાયામથી દ્વિમાર્ગી સંવાદ સધાય નહિ. અધિવેશન અને જ્ઞાનસત્રોનાં આયોજનોમાં સાચા સાહિત્યરસિકોની સક્રિય સામેલગીરી સંકળાય તો સમસ્ત ઉપક્રમ વધારે અર્થપૂર્ણ બની રહે.

નવસારીમાં 'બાનો ભીખુ સાહિત્ય પ્રસાર ટ્રસ્ટ'ના યજમાનપદે યોજાયેલા 'પરિષદ'ના અધિવેશનનું વ્યવસ્થા અને આતિથ્યનું પાસું એટલું સર્વાંગસંપૂર્ણ હતું કે તેની તો પ્રશંસા જ કરવી રહે. દક્ષિણ ગુજરાતના એક નાનકડા, માંડ અઢી લાખની વસ્તી ધરાવતા નવસારી નગરે 'પરિષદ'ના વિશાળ અધિવેશનના આયોજનનું બીડું ઝડપીને પોતાની ક્ષમતા સિદ્ધ

કરી બતાવી. વળી દક્ષિણ ગુજરાતમાં યોજાયેલા આ અધિવેશનમાં યોગ્ય રીતે જ લાટ પ્રદેશનાં સાહિત્ય, કાળા, સંસ્કૃતિ ઉપર પ્રકાશ – શેરડો કેન્દ્રિત થયો. આ રીતે 'પરિષદ'નાં આયોજનોમાં ગુજરાતનાં વિવિધ ક્ષેત્રોનાં સાહિત્ય-કળા-સંસ્કૃતિ કેન્દ્રમાં મુકાતાં રહે તે આવશ્યક છે. કેમકે, તેથી 'પરિષદ' સર્વાશ્લેષિતાના ધ્યેયની સિદ્ધિની દિશામાં વધારે ગતિ કરી શકે. મને તો એવીયે ઉમેદ છે, કે 'પરિષદ'નું એક આખું જ્ઞાનસત્ર આદિવાસી – વનવાસી – ગિરિજનોની લિખિત-મૌખિક સાહિત્ય-પરંપરા આદિને કેન્દ્રમાં રાખી યોજવામાં આવે.

'પરિષદ'ના નવસારી અધિવેશનની ઉપ-પ્રવૃત્તિરૂપ છતાં સરવાળે મુખ્ય અને સકારાત્મક ફળશ્રુતિ તો મારી દૃષ્ટિએ એ પણ લેખાય કે અધિવેશન નિમિત્તે નાનકડા નવસારી નગરમાં તેના નિમ્ન – મધ્યમવર્ગીય અને ગરીબ લત્તાઓમાં એકસાથે દસ જેટલાં શેરી-પુસ્તકાલયોનું ઉદ્‌ઘાટન નગરની પ્રસિદ્ધ 'સયાજી વૈભવ લાયબ્રેરી'ના ઉપક્રમે યોજાયું. આવા એક ઉદ્‌ઘાટન-કાર્યક્રમમાં હાજરી આપવાની મને તક મળી. ત્યાં જે સ્વયંભૂ લોકઉત્સાહ જોવા – અનુભવવા મળ્યો તેનું જો જતન – સંવર્ધન થતું રહે અને વાચન-પ્રસારના આ યજ્ઞની પાવક જ્વાળાઓ ગુજરાતવ્યાપી બને તો ગુજરાતી ભાષા અને તેના સાહિત્યના ભાવિ વિશેની આશંકા શિથિલ બને અને કાળક્રમે તે નિર્મૂળ થાય.

આવી આશા સેવવાનું ભાથું 'પરિષદ'ના નવસારી અધિવેશને આપ્યું છે તે સાચું, પણ હજી તો એ દિશામાં ઘણો, અવિરત અને સાચકલો પુરુષાર્થ કરવો પડશે.

સુરત, **ભગવતીકુમાર શર્મા**

તા. ૩૦-૧૨-૨૦૦૯

### આપણા દુઃખનું કેટલું જોર ?

ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
નાની એવી જાતક વાતનો મચવીએ નહિ શોર !

ભારનું વાહન કોણ બની રહે ? નહીં અલૂણનું કામ,
આપણ તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન;
સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર. ભાઈ રે૦

જલભરી દગ સાગર પેખે, હસતી કમળફૂલ,
કોકદું છે પણ રેશમનું, એનું ઝીણું વણાય દુકૂલ;
નિબિડ રાતનાં કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર. ભાઈ રે૦

આપણે ના કંઈ રંક, ભર્યો ભર્યો માંહ્યલો કોશ અપાર;
આવવા દો જેને આવવું, આપણ મૂલવશું નિરધાર;
આભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર. ભાઈ રે૦

(સંકલિત કવિતા, ૧૯૮૩, પૃ. ૭૮૦–૭૯) – **રાજેન્દ્ર શાહ**

# કવિતા

## અપરાધ | ચન્દ્રકાન્ત ટોપીવાળા

મારાથી અજાણતાં એક કીડી મરી ગઈ
આ ખૂણો,
આ જગા
આ ખંડ સાવ સૂનો સૂનો થઈ ગયો.
એ દોડતું શરીર
એ લાલચટ્ટક રંગ
એ ચંચલ પગ
એ પગની ત્વરા
એ મોં પાસેનો આંકડો –
બધું નિશ્ચેત.
જગતમાંથી કશુંક ખૂટ્યું
મારામાંથી કશુંક ખૂટ્યું
પૃથ્વી જરા નમી ગઈ – મેં જોયું.
એનાં પગનાં મૂંગાં ઝાંઝર મને જંપવા દેતાં નથી.
એના આંકડામાંનો સાકરનો કણ
કણાની જેમ ખૂંચે છે મારી આંખમાં.
મારી નીંદર કડવી ઝેર થઈ ગઈ છે
ખેર, કીડી તું મને ચટકી હોત !
તેં તો મને આખો ને આખો ફાડી ખાધો.

## હસ્તક્ષેપ | ચન્દ્રકાન્ત ટોપીવાળા

જૂનું તો થયું
દેવળ જૂનું; એમાં
તારું શું ગયું ?

દિલમાં દીવો
કરો રે દીવો કરો;
રાડો ન પાડ.

બ્રહ્મ લટકાં
કરે બ્રહ્મ પાસે; તું
ચાડી ન કર.

આ તન રંગ
પતંગ સરીખો; તો
ઊડ, રાજી થા.

તરણાં ઓથે
ડુંગર કો ન દેખે;
સાલ્લાં આંધળાં.

વ્રજ વહાલું રે
વૈકુંઠ નહિ આવું;
મેં ક્યાં બોલાવ્યો ?

ઊભા રહો તો
કહું એક વાત; હું
નવરો નથી.

પ્રેમની પીડા
તે કોને કહીએ ? ભૈ
કોઈને નહિ.

મને લાગી રે
કટારી પ્રેમની; હા
કાટ ખાધેલી.

જાગીને જોઉં
જગત દીસે નહિ;
પાછો સૂઈ જા.

## ટાપુ : બે ચિત્રો | ડૉ. સિલાસ પટેલિયા

(૧)

ટાપુ તો ત્યારે કદાચ હતો જ નહીં
ને હોય તોયે દૂર જ હશે
બહુ દૂર....
એટલો દૂર કે દૂરતાની કલ્પના ય ના થાય !

દરિયો ય દૂર
જોકે દેખાતો ’તો ને રાતભર
ઘુઘવાટ સંભળાતો,
રાત્રિ શઢ બનતી,
સ્વપ્નાં તરતાં સનસનાટ,
દીવાદાંડીનું અજવાળું મુઠ્ઠીમાં ભરી
જળ ખેડાતું રહેતું...
એટલો પાસે હતો દરિયો !

એ દૂર દૂર લઈ જતો
તો એ મોજાંની જેમ પાસે ને પાસે ય રાખતો
પણ ટાપુ તો નહોતો જ !
બે હાથ પણ પછી તો છુટ્ટા પડી ગયા,
આંખો ય મળતી નહીં,
સાંકડા રસ્તે બધું ગૂંચવાઈ જતું.

અંતે કઈ રીતે પહોંચી ગયા
આપણે આ ટાપુ પર ?

બેઉના જુદા જુદા ટાપુ ?
આમ લાગે એક ને આમ જુદા જુદા
ને દરિયો તો હવે
ક્યાંયે દેખાતો જ નથી ને !

(૨)

ટાપુના ઘનવગડામાં ફસાઈ ગયેલો
સૂરજ રજ અજવાળાની વેરે
ને સામેનો દરિયો ઝળહળ ઝળહળ...

દરિયે તરતી નાવમાં
અજવાળાનાં મોજાંઓ ઊછળે

ઊછળે નાવ દરિયે
ડૂબે નહીં, વળી તરે એ અજવાળે
તરે એ દરિયે...

અવાજ ફેલાતો રહે
તને શોધતો દરિયા પર –
દરિયા પાર
દરિયા અંદર...

સાંભળે એ સાંભળે
બાકી ટાપુ તો સાંભળે જ છે !

અવાજને બાંધી દેતો
ટૂંપી દેતો, મારી નાંખવા મથતો
ટાપુ કાંઠે ધ્રૂજતો રહે દરિયો.

એ અવાજ
અંતે ઠરે મારા કંઠે
ને પાછો ફેલાતો જાય દરિયા પર
દરિયા પાર
દરિયા અંદર...

ફેલાય એ
ફેલાય જેમ સૂરજનું અજવાળું !

## ઓછાઈ ગયો છે માણસ... | ઇન્દુ પુવાર

ઓછાઈ ગયો છે માણસ, સઘળાથી બગડાથી, તગડાથી
ધનાધન વાગતા નગારાથી, વીજળીના થતા ઝગારાથી
રોજના રોજમેળમાં લખી લખીને બીજું લખવાનું શું ?
જમા-ઉધાર, શું કરવું, શું ના કરવું
ઓડકાર, બગાસું, પથારી, આળોટવું, ઊંઘવું, સપનું, જાગવું
બાથરૂમ ને પછી સૂનકાર...
બધું ચૂકતે કરેલા હિસાબ જેવું !
તો આ લાંબું લિસ્ટ શાને માણસ ?
અગાસી નવી બનાવી છે, ઊંટો ડૂબ્યાં નથી, આંખો રેતી નથી
નવું નવ દિવસ વળી પાછું વાસી વનવાસી,
ક્યાંક ટૂરમાં જા, જગ્યા બદલ
રખડતો કૂતરો, દૂધનો ઊભરો, પાણીનો પરપોટો,
તણાતું લાકડું, ફાટી જતી થેલી, વેરાતા દાણા...
ગરજતું વાદળ થઈ મોરની આંખમાં બેસી જા
રોજ બોધિવૃક્ષ, પૂર્ણત્વનો સાક્ષાત્કાર, વનવાસ
હરણ, અપહરણ, લડાઈ-ઝઘડા, રામનામ સત્ય હૈ
એ જ પાછી ખતવવાની વાત
ખાતાવહી ભરાઈ ગઈ છે, ક્યાં ખતવીશ તું ?
દરેકનો પોતાનો ધર્મ છે, કામ છે, છુટકારો કોઈનો નથી
નદીનો ય નહીં, વહેવાનું એટલે વહેવાનું !
રસ્તો એ જ ચાલો, ભૂલા પડો, ખાડા ખોદો, દાટો
ચોપડો બોલવાનો એટલે બોલવાનો
જીવવાનું એટલે જીવવાનું, મહિમા એનો ગાવાનો
પાછું ઓચાવાનું, ટોચાવાનું, નોંચાવાનું
નફો-નુકસાન, સરવૈયું, જમા-ઉધાર, લેણીદેણી
લાકડાં, ઇલેક્ટ્રિક યા દેહદાન, છાપામાં ફોટો, નોંધ...
આદિ... આદિ... બોલને માણસ આમાંથી શું ?


પરબ □ ફેબ્રુઆરી, 2010

# પરબ

### ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

### લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯



Parab Online
February 2010
Page: 6



## કવિતાના પૂર્ણયોગના પ્રારંભે*

**પ્રબોધ ર. જોશી**

'સુન્દરમ્‌ના અક્ષરો મને ઉકલશે – મને આપજો.' –

ત્યારે, કેવી રીતે એ તો ખબર નથી પણ હું બોલી ઊઠેલો ! રમણલાલ જોશીનું અવસાન તા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજ થયું એ અરસામાં સુધાબહેન અમદાવાદમાં હતાં, તરત દોડી આવેલાં. પછી એ દિવસોમાં 'માતૃભવન' (સુન્દરમ્‌નું અમદાવાદનું એક વખતનું નિવાસસ્થાન 'પલ્લવ' – જે હવે, શ્રી અરવિન્દ કેન્દ્રમાં પરિવર્તિત થયું છે.) જવાનું થયું ત્યારે, વાતવાતમાં સુન્દરમ્‌નાં શેષ પ્રકાશનોના કાર્યમાં એમની કેવી મદદ આવી મળી હતી તેની વાત કરતાં તેમણે કહ્યું કે, હવે જેલ-નોટ્સના પ્રકાશનનું હાથમાં લીધું છે ત્યારે એમની ખોટ વરતાવાની....

સુન્દરમ્‌ના રમણલાલ જોશી પરના પત્રો હું ક્યારેક રસપૂર્વક વાંચતો. પણ એ સિવાય, એમના અક્ષરોથી એટલો બધો પરિચિત નહિ. બોલતાં તો બોલી જવાયું અને સુધાબહેને પણ પાંચેય જેલ-નોટ્સ, સુબન્ધુકાકાએ ખૂબ કાળજીપૂર્વક તૈયાર કરેલી પ્રેસકૉપી સાથે મારા હાથમાં મૂકી અને કેટલાંક સ્થાનો કે જ્યાં એમને કશીક મૂંઝવણ હતી તે દર્શાવ્યાં. મેં તેમની સામે 'માતૃભવન'ના સુન્દરમ્‌ખંડમાં બેઠાં બેઠાં એ બધું ઉકેલવા પ્રયત્ન કરવા માંડ્યો અને બધું – બધું જ ઊઘડતું આવ્યું...

સુન્દરમ્‌ના અક્ષર ઝીણા, શબ્દે શબ્દ ક્યારેક તો જોડાઈને આવે. એમાં ગતિ હોય, પ્રવાહ હોય અને શબ્દ-ફેર કરે ત્યારે વિચાર પણ હોય. એ બધું વાંચવું એટલે એમની સાથે ચાલવા જેવું. એમના ભાવ-જગતમાં પ્રવેશ કરવા જેવું. બધું ઊઘડે ત્યારે સાફ, સુસ્પષ્ટ, સંવાદિત...

૧૯૩૨નો ઉત્તરાર્ધ, ૧૯૩૩નો ઉત્તરાર્ધ અને ૧૯૩૪નો પૂર્વાર્ધ – એમ એમના સાબરમતી જેલ અને વિસાપુર જેલના નિવાસના સમયમાં આ સંગ્રહમાં જે પ્રગટ થાય છે તે બધું લખાયું છે. આમાંથી ઘણું એમણે ખુદ જાળવી લીધું છે અને આ પૂર્વે પ્રકાશિત એમના સંગ્રહોમાં સ્થાન પામેલું છે. જે કેટલુંક – કદાચ એમણે એના ઉપર કામ કરવા પણ ધાર્યું હોય – અપ્રકાશિત રહી ગયું તેમાંથી ઘણુંખરું અહીં પ્રથમ વાર પ્રકાશમાં આવે છે. ઐતિહાસિક વિગતની દૃષ્ટિએ એ પણ નોંધવું જોઈએ કે, લગભગ આ જ સમયગાળામાં, એટલે કે ૧૯૩૩માં 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો' તેમજ 'કાવ્યમંગલા'નું પ્રકાશન થયેલું છે. ગાંધીવિચારધારાથી એ ઘડાયા છે પણ એમની આંતરચેતના એમને શ્રી અરવિન્દ તરફ લઈ જવા માટે તૈયાર કરી રહી છે. એ સંક્રાંતિકાળ, સમયનો એ પ્રવાહ અહીં પામી શકાય છે. સુન્દરમ્‌ની ચેતનાના ભાવિ વિકાસક્રમનાં આગળનાં પગથિયાં કેવાંક ઊઘડતાં આવે છે એ અહીં પ્રકાશિત રચનાઓમાં સહૃદયો જોઈ શકશે.

સુન્દરમ્‌નો શબ્દ યથા-તથ જાળવવાનો અને આપણી પાસે પહોંચાડવાનો સન્નિષ્ઠ

* સુધા સુન્દરમ્ સંપાદિત આપણા સ્વાતંત્ર્યપૂર્વકાળમાં સુન્દરમ્‌ના જેલનિવાસ દરમ્યાન લખાયેલાં કાવ્યોના પ્રગટ થનાર સંગ્રહ 'સ્વાગતં ગીતવાહિને'નું પ્રાસ્તાવિક

પ્રયાસ સુધાબહેને કર્યો છે. એમને કાટ-છાંટના કોસ્મેટિક્સમાં રસ નથી. જે છે તે, જેવું છે તે, બધું – બધું જ પ્રગટ થાય અને સુન્દરમ્‌ને એમના સમગ્રમાં પામી શકાય એવો અભિગમ એ જાળવતાં આવ્યાં છે. એથી જ કદાચ અહીં કાવ્યોનું વિષયવાર વર્ગીકરણ કે એવુંતેવું જોવા નહિ મળે. એમની પાંચેય જેલ-નોટ્સનાં કેટલાંક પૃષ્ઠ પણ અસલમાં છે તેમજ તેમણે આપ્યાં છે.

પાંચમાંથી બે જેલ-નોટ્સ, નોટ-૨ અને નોટ-૪માં, પાંચ પાનાંમાં સુન્દરમે સંસ્કૃત ગ્રંથોના એમના પરિશીલનમાંથી સ્મરણના આધારે મૂકેલાં ઉદ્ધરણો તેમજ મન્દસોર અને ઐહળના શિલાલેખ પર કોતરેલા ચાર શ્લોકો જોવા મળે છે. આ વિશે પ્રા. નીતાબહેન શુક્લ દ્વારા ચીવટપૂર્વક તૈયાર થયેલી નોંધો, સુન્દરમ્‌ની કાવ્યગંગાના આ એકવીસમા પુસ્તક સાથે જોડાઈ છે. એમાંથી એ પણ જોઈ શકાશે કે સુન્દરમ્‌ની કવિ-ચેતના આ સમયગાળામાં ક્યાં-ક્યાંથી કેટકેટલું ગ્રહણ કરતી રહી હશે !

અગાઉ, આપણે સુન્દરમ્‌ના આ સમયગાળાના ભાવજગતનો ઉલ્લેખ કર્યો. આ સંગ્રહમાં એ કેવું ઝિલાયું છે ! વિસાપુર જેલ વિશે હકડેઠઠ બેરેકમાં માખીઓના ઉપદ્રવ અને ગણગણાટમાં એમને દૂર દૂર સિતારનું ગાન અને જળનો લયઘોઘ સંભળાય છે. (શકે ત્રિપુર સુન્દરી ? પૃ. ૮-૧૦) વર્ષાસૃષ્ટિમાં જીવનવૃષ્ટિનાં દર્શન થાય છે અને કવિચિત્ત અનુભવે છે : 'પેટાળ થકી ઊઠી કો' અગમ્ય નાદ આવતો.' આકાશમાં વાદળ વ્હાણ નાંગરતાં હોય એવી રમ્ય કલ્પના પણ આવી મળે છે. (અહો જીવનવૃષ્ટિ ! પૃ. ૨૪-૨૫) 'નિષ્ક્રિય પરબ્રહ્મ અસંગ છે જગત કેલિ પ્રકૃતિ પ્રસંગ છે...' એવી ચિંતનઅવસ્થામાં તે વિહરે છે (સર્જનહારિણી પૃ. ૬૧), 'માતાને મુક્તિ મુકામ ચેલૈયા હાલો હાલો રે' એવું મુક્તિગાન ગુંજે છે (ચેલૈયા હાલો હાલો રે, પૃ. ૬૮) તો 'રામબાણ વાગ્યાં હોય તે જાણે, ગાંધીબાણ વાગ્યાં હોય તે જાણે' જેવી ગાંધી-પ્રેરિત દેશભક્તિ પણ દેખાય છે. (સંતનાં મંદિર, પૃ. ૭૦) એ બધાંમાંથી 'પ્યારા વતનને ખાતર/આલમ બધીને ખાતર/જીવન વહો વહો હો' જેવો આત્મનિર્ણય પણ પ્રગટ થાય છે (જીવન વહો વહો, પૃ. ૧૧) અહીં 'ફૂલ રે ગુલાબી તારી ઓઢણી...' જેવા રોમૅન્ટિક ઉદ્રેક છે તો કેટલીક પ્રસંગકલ્પનથી ઉદ્‌ભવતી કાવ્યરચનાઓ પણ છે. સુન્દરમ્‌ને પદ્યમાં વર્ણનકલા હાથવગી છે. 'બાનો ફોટોગ્રાફ', '૧૩-૭ની લોકલ' જેવાં કાવ્યોમાં આપણે એ સુપેરે જોઈ છે. અહીં પણ 'પ્રવાસદર્શન' (પૃ. ૧૧૯), 'ગુલાબો બળતાં નથી' (પૃ. ૧૨૧), 'હુતાશણી' (પૃ. ૧૨૪) જેવી રચનાઓમાં એ દેખાશે. અહીં સંગ્રહસ્થ રચનાઓમાં પાછળથી પૂર્ણપણે વિકસિત એમની કવિતાના આગળના તંતુ જોડાતા જોવાય છે.

એ રીતે, સુન્દરમ્‌ના અવસાન પછી પ્રગટ થયેલા એમની કવિતાના સંગ્રહોમાં આ સંગ્રહ અનન્ય બની રહેશે. 'યાત્રા' ૧૯૫૧માં પ્રકાશિત થયો એ પછી છેક ૧૯૯૦માં, એટલે કે ચાર દાયકા પછી 'વરદા' પ્રગટ થયો ! ૧૯૯૧માં એમનું અવસાન થયું અને એમનાં અપ્રકાશિત કાવ્યો-લખાણો વગેરેને પ્રકાશમાં લાવવાનું સુધાબહેને સંભાળ્યું એ પછી ૧૯૯૫થી 'પલ્લવિતા', 'મહાનદ' આદિ મહદ્‌અંશે એમના ઉત્તરકાળનાં કાવ્યોને આપતા સંગ્રહો આપણને મળ્યા છે પણ અહીં સર્વપ્રથમ વાર કવિના પૂર્વકાળ – 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો' અને 'કાવ્યમંગલા'ના અરસામાં કે એ પૂર્વે રચાયેલી રચનાઓ એકસાથે જોવા મળે છે. એ રીતે, એ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સુન્દરમ્‌ની કવિતાના પૂર્ણયોગના પ્રારંભકાળની આ રચનાઓનું સૌ સહૃદયો સ્વાગત કરશે.



# શ્રદ્ધાંજલિ

## રાજેન્દ્ર શાહ : જીવનછવિ | ધીરુ પરીખ



તાજેતરમાં ૧૦મી જાન્યુઆરીએ રાત્રે સાડા આઠ વાગ્યાની આસપાસ મુંબઈમાં સ્વાતંત્ર્યોત્તરકાળના અગ્રણી કવિ રાજેન્દ્ર શાહનું ૯૭ વર્ષની વયે દેહાવસાન થતાં ગુજરાતી કવિતાનો એક આગવો અધ્યાય સમાપ્ત થયો. કવિ રાજેન્દ્ર શાહનો જન્મ ખેડા જિલ્લાના કપડવણજ ગામે ૧૯૧૩ના જાન્યુઆરીની ૨૮મી તારીખે થયો હતો. તેમના દાદાનું નામ દ્વારકાદાસ. તેઓ પૂર્વજન્મવાદમાં માનતા હતા. એમના સમયમાં દાદા દ્વારકાદાસ કપડવણજના નગરશેઠનો વહીવટ ચલાવતા હતા. દાદીમાનું નામ મહાલક્ષ્મીબહેન. તેઓ ધર્મપરાયણ હતાં. આવાં શ્રદ્ધાવાન અને કુળવાન દાદાદાદીના પુત્ર કેશવલાલને ત્યાં રાજેન્દ્ર શાહનો જન્મ. તેમનાં માતાનું નામ લલિતાબહેન. રાજેન્દ્ર શાહ પોતાનાં માતાપિતાનું એક જ સંતાન. પિતા કેશવલાલ વ્યવસાયે વકીલ હતા. તેઓ સાદરામાં પ્રથમ સરકારી વકીલ તરીકે જોડાયા અને પછીથી તે કાળે વડોદરાના ભાદરવા રાજ્યમાં જજ તરીકે નિયુક્ત થયા. પછીથી તેઓ વડોદરા સ્થાયી થયા અને ત્યાં જ અવસાન પામ્યા.

વડોદરાનિવાસ દરમિયાન રાજેન્દ્ર શાહના પિતા કેશવલાલ શ્રેયસ્સાધક અધિકારી વર્ગના સંપર્કમાં આવ્યા અને એના સ્થાપક શ્રીમન્નૃસિંહાચાર્યના અંતરંગ વર્તુળમાં પ્રવેશ પામ્યા. રાજેન્દ્ર શાહની બે વર્ષની ઉંમરે પિતા કેશવલાલનું અવસાન થતાં માતા લલિતાબહેને પૂરા સ્નેહ અને સાવધાનીથી રાજેન્દ્ર શાહનો ઉછેર કર્યો. નાનપણથી જ માતાએ તેમને નિર્ભીકતાના પાઠ ભણાવ્યા હતા. તેઓ અવારનવાર કિશોર રાજેન્દ્રને કહેતાં : 'આપણે તો સિંહબાળ.' રાજેન્દ્ર શાહ પર આ હિંમતના સંસ્કારોનું સિંચન તેમજ સત્યવ્રતી બનવાનું પ્રેરક બળ માતા તરફથી મળ્યું હતું. માતા લલિતાબહેન તે કાળે પોતાની સમજ પ્રમાણે કાવ્યરચનાઓ પણ કરતાં હતાં. આ રીતે રાજેન્દ્ર શાહમાં પૂર્વજન્મ વિશેની અને પુનર્જન્મ વિશેની શ્રદ્ધા, સત્યપ્રીતિ, હિંમત અને નીડરતા તથા કાવ્યસંસ્કારોનું તેમજ પ્રભુશ્રદ્ધા અને જીવનપ્રીતિના સંસ્કારોનું શિશુવયથી જ સિંચન થયેલું. તેમાં વળી માતા સાથે અવારનવાર શ્રેયસ્સાધક કેન્દ્રમાં ઉત્સવો નિમિત્તે જવાનું થતું અને ત્યાં ગવાતાં ગીતો-ભજનો વગેરેના લયઢાળનાં આંદોલનો તેમના ચિત્તમાં સ્થિર થતાં ગયાં હતાં, જેની સૌંદર્યાત્મક અને કલાત્મક પરિણતિ એમનાં સુચારુ અને સફળ ગીતોમાં જોવા મળે છે. રાજેન્દ્ર શાહમાં કાવ્યસંસારનાં બીજ અહીંથી રોપાયાં હતાં.

તેમના શિક્ષણનો આરંભ વતન કપડવણજથી થયેલો. ત્યાંની મ્યુનિસિપલ પ્રાથમિક શાળામાં પ્રાથમિક અભ્યાસ પૂરો કરી આગળ અભ્યાસ કરવા ત્યાંની જ મ્યુનિસિપલ હાઈસ્કૂલમાં જોડાયા. વળી, એ સમયગાળામાં અંબુભાઈ પુરાણીએ ગુજરાતમાં જે વ્યાયામ-

પ્રવૃત્તિને વેગ આપવા માંડ્યો હતો તેના અનુસંધાને ૧૯૨૪-૨૫માં કપડવણજમાં પણ એમણે વ્યાયામશાળા શરૂ કરી. કિશોર વયના રાજેન્દ્રને આ વ્યાયામની પ્રવૃત્તિમાં ખૂબ રસ પડવા લાગ્યો અને તે એટલે સુધી કે ત્યારે આ પ્રવૃત્તિમાં સક્રિયતાને કારણે હાઈસ્કૂલના અંગ્રેજી બીજા ધોરણમાં ત્યારે તેઓ નાપાસ થયા. અલબત્ત, અભ્યાસ આગળ ચાલ્યો અને વ્યાયામપ્રવૃત્તિમાં સક્રિયતા પણ દાખવતા રહ્યા. ઈ. સ. ૧૯૩૦માં એઓ મૅટ્રિકના વર્ષમાં આવી પહોંચ્યા. પરીક્ષાનું આવેદનપત્ર ભરવાનો સમય આવ્યો ત્યારે અસહકારનું રાષ્ટ્રિય આંદોલન ભારતભરમાં વ્યાપી વળ્યું હતું. ત્યારે દેશપ્રેમી ભાવનાશાળી યુવાનો પૂરા ઉત્સાહથી આઝાદીના આ આંદોલનમાં ઝંપલાવતા હતા. ૧૯૩૦ના એપ્રિલની છઠ્ઠી તારીખે સત્યાગ્રહ શરૂ થયો. રાજેન્દ્ર શાહનાં માતા લલિતાબહેને પણ આ આંદોલનમાં ભાગ લેવા માંડ્યો હતો ત્યારે યુવાન પુત્ર રાજેન્દ્રે પણ આ આંદોલનમાં ઝંપલાવ્યું. એમણે મૅટ્રિકની પરીક્ષા આપવાનું ટાળ્યું અને મનને રાષ્ટ્રિય આંદોલનની પ્રવૃત્તિ તરફ વાળ્યું. તેઓ આ સત્યાગ્રહમાં પકડાયા અને સાડા ત્રણ માસની સજા થઈ. સાબરમતી અને યરવડા જેલમાં એ સજાના દિવસો એમણે પસાર કર્યા. એ અરસામાં વળી એક બીજી ઘટના બની. ગામ કપડવણજના બહુ ઊંચા નહીં એવા ટાવર પર જે ત્રિરંગો ફરકતો હતો તેને ઉતારવાને પોલીસ ચડી રહી હતી ત્યારે તે ત્રિરંગાને અપમાનિત થતો રોકવા રાજેન્દ્ર સડસડાટ એ ટાવર પર ચડી ગયા અને તે ત્રિરંગા સાથે એક માળ પરથી છેક નીચે કૂદી પડ્યા. લોકોએ તો માન્યું કે રાજેન્દ્ર ગયો ! અલબત્ત, એ બેભાન થઈ ગયા હતા અને એ પછડાટને કારણે લાંબી માંદગી પણ ભોગવવી પડેલી. વળી, સ્વાતંત્ર્યસંગ્રામના આ દિવસો દરમિયાન જતીન દાસને ફાંસીની સજા ફરમાવવામાં આવેલી તે બનાવથી પ્રભાવિત થઈ યુવાન રાજેન્દ્ર પણ ક્રાન્તિકારી બનવાનાં સ્વપ્નો સેવવા લાગ્યા હતા. પણ સમય જતાં તેઓ મહાત્મા ગાંધીના અહિંસક આંદોલનથી આકર્ષાયા અને એ રાહે અસહકારની લડતમાં જોતરાયા.

આ ગાળા દરમિયાન માતા પુત્રને ભણાવીગણાવીને આગળ વધેલો જોવા માગતાં હતાં. ઘરની સ્થિતિ આર્થિક રીતે સારી નહીં, છતાં પણ માતા પુત્ર રાજેન્દ્રને સારું ભણતર મળી રહે તે માટે સક્રિય હતાં. માતાની ઇચ્છાને માન આપી રાજેન્દ્રે અભ્યાસનો પુનઃ આરંભ કર્યો. ઈ. સ. ૧૯૩૨માં મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. હવે કૉલેજના શિક્ષણ માટે વતન છોડવાનો વારો આવ્યો. પરંતુ તે પૂર્વે ૧૯૩૧માં મંજુલાબહેન સાથે એમનું લગ્ન થઈ ગયું. આ લગ્ન પૂર્વે એમની સાતઆઠ વર્ષની ઉંમરે વેવિશાળ તો થઈ ગયેલું જ હતું. એમનું આ લગ્નજીવન સંપૂર્ણ સફળ રહ્યું. એમના આ લગ્નસાફલ્યે પણ એમની કાવ્યપ્રવૃત્તિમાં પ્રેરક બળ પૂરું પાડ્યું હતું.

ઈ. ૧૯૩૨માં મૅટ્રિક પાસ થયા પછી ઈ. ૧૯૩૩માં મુંબઈની વિલ્સન કૉલેજમાં એ દાખલ થયા. ત્યાં ઓલ્ડ હૉસ્ટેલમાં રહી કૉલેજનો અભ્યાસ શરૂ કર્યો. આર્થિક સ્થિતિ સારી નહીં એટલે ખર્ચજોગું અર્થોપાર્જન કરવું રહ્યું. એ માટે એમણે જોગેશ્વરીમાં રહીને મુંબઈના કૉટન મર્ચન્ટ 'સી. પારેખ ઍન્ડ કંપની'માં નોકરી સ્વીકારી. પરંતુ ત્યાંનાં હવાપાણી એમને અનુકૂળ આવ્યાં નહીં અને મલેરિયામાં પટકાયા. આથી ૧૯૩૪માં પ્રસ્તુત નોકરી છોડી દઈ વતન કપડવણજ આવી પહોંચ્યા. અભ્યાસ પૂરો કરવાની ઇચ્છાશક્તિને બળે તેમણે એ જ વર્ષે વડોદરાની 'બરોડા કૉલેજ'માં ઇન્ટરના વર્ગમાં પ્રવેશ મેળવ્યો. આરંભમાં ત્યાંના ભૂતડી ઝાંપા વિસ્તારમાં કેટલાક મિત્રો સાથે એક રૂમ ભાડે રાખીને રહ્યા, પરંતુ પછીથી માતા અને પત્નીને વડોદરા બોલાવી એક નાનકડું વ્યવસ્થિત ઘર શરૂ કર્યું. આર્થિક સ્થિતિ સામાન્ય હોવાને કારણે સમગ્ર અભ્યાસકાળ દરમિયાન ખાનગી ટ્યૂશનો આપી અર્થોપાર્જન કરતા રહ્યા. ૧૯૩૭માં પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના વિષય સાથે બી.એ. થયા. એ જ વર્ષે એમ.એ.નો અભ્યાસ કરવા અમદાવાદ આવ્યા અને ગુજરાત કૉલેજમાં દાખલ થઈ એમ.એ.નું એક સત્ર પણ ભર્યું. આર્થિક આવશ્યકતાને કારણે અમદાવાદની ઢાલગરવાડ પાસે ભગુભાઈના વંડામાં ચાલતી એક શાળામાં થોડો સમય શિક્ષકની નોકરી સ્વીકારી.

આ સમયે એમની સિસૃક્ષા વધુ સક્રિય બની અને મિત્ર પિનાકિન ઠાકોર સાથે 'કુમાર'માં ચાલતી બુધસભામાં નિયમિત હાજરી આપવાનું શરૂ કર્યું. બચુભાઈ રાવતે એમનામાં રહેલા એક સાચા કવિને પારખી લીધો અને એને સતત પ્રોત્સાહિત કરતા રહ્યા. એ ગાળા દરમિયાન સુન્દરમ્-ઉમાશંકરનું નામ કવિતાક્ષેત્રે ગાજવા લાગ્યું હતું. અમદાવાદમાં આવ્યા પછી રાજેન્દ્ર શાહને સુન્દરમ્‌ના પરિચયમાં આવવાનું બન્યું અને એમની જ ભલામણ-ચિઠ્ઠીથી રાજેન્દ્ર શાહને એ અરસામાં શરૂ થયેલી મહિલાઓની સંસ્થા 'જ્યોતિસંઘ'માં નોકરી મળી ગઈ; અને એમ.એ.નો અભ્યાસ અધૂરો છોડી દીધો. એમણે ૧૯૪૨ સુધી 'જ્યોતિસંઘ'માં નોકરી કરી, પણ ત્યાર બાદ આ વણિકપુત્રે સ્વતંત્ર વ્યવસાય કરવાના ઇરાદાથી અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં આજની વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલથી થોડે અંતરે પાલડી તરફ જતાં 'ગૃહસાધન' નામે મોદીખાનાની દુકાન શરૂ કરી. વળી, થોડા સમયમાં જ ત્યાંના ગ્રાહકોની માંગને વશવર્તીને 'ઇંધન' નામે કોલસાનો સ્ટોર પણ શરૂ કર્યો. બરાબર એકાદ વર્ષ બાદ 'ગૃહસાધન'ની એક શાખા વતન કપડવણજમાં પણ શરૂ કરી, આ દરમિયાન એક મિત્રના સહયોગમાં અમદાવાદના ઘીકાંટા વિસ્તારમાં રૅંટિયાવાડી ખાતે 'સી. આર. એસ. ટેક્સ્ટાઇલ વર્ક્સ' નામે બૉબિન બનાવવાનું કારખાનું પણ શરૂ કર્યું. બેએક વર્ષ આમ અમદાવાદમાં વેપારવાણિજ્ય વધારવા પ્રયત્નો તો કર્યા, પણ આ કવિજન વણિકને એમાં ફાવ્યું નહીં. આખરે એમણે આ ધંધો સમેટી લેવાનો વિચાર કર્યો.

૧૯૪૫માં અમદાવાદનો વ્યવસાય આટોપી મુંબઈ પહોંચ્યા અને ત્યાં 'સ્વદેશી ડાઇંગ ઍન્ડ બ્લીચિંગ' કંપનીમાં ત્રણ-ચાર મહિના સેક્રેટરી તરીકે સેવાઓ આપી. વળી પાછી નોકરી બદલી. ત્યારે જંગલોમાં લાકડાં કાપવાનો કૉન્ટ્રેક્ટ રાખતી 'આર. જે. શાહ ઍન્ડ કંપની'માં નોકરી સ્વીકારી તે છેક ૧૯૫૧ સુધી તે જ કંપનીમાં રહ્યા. આ નોકરી નિમિત્તે એમને વારંવાર થાણાનાં જંગલોમાં જવાનું થતું એટલે વન્ય પ્રકૃતિના સૌંદર્યને માણવાનો અનેરો લાભ મળી ગયો. આવા એક પ્રવાસ દરમિયાન આકાશમાં ઊગેલી બીજનું દર્શન કરતાં જ એમની જાણીતી ગીતરચના 'તને જોઈ જોઈ તોય તું અજાણી' સ્ફુરેલી. આ વન્ય પ્રકૃતિ અને વતનના પ્રાકૃતિક પરિવેશે એમના ચિત્ત પર ભારે પકડ જમાવી હતી, જેને કારણે 'વનવાસીનાં ગીતો', 'વનખંડન', 'તરુખંડન' જેવી એકાધિક કાવ્યરચનાઓ સ્ફુરી હતી.

રાજેન્દ્ર શાહે ૧૯૫૧માં આ નોકરી છોડી અને 'પાયોનિયર ટ્રેડર્સ'ને નામે કાગળનો વેપાર શરૂ કર્યો તે ૧૯૫૫ સુધી એકધારો ચાલુ રાખ્યો. વચમાં ૧૯૫૪માં એમણે 'લિપિની' નામે છાપકામ શરૂ કર્યું; અને ઈ. ૧૯૫૫માં મુંબઈ ખાતે ગિરગામ રોડ વિસ્તારમાં ભાલ

મલજી અને અન્યોની ભાગીદારીમાં 'લિપિની' નામક સ્વતંત્ર છાપખાનું શરૂ કર્યું. એમનો જીવનનો દાર્શનિક અભિગમ એવો રહ્યો છે કે એમણે ૬૦ વર્ષે સર્વ વ્યાવહારિક પ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ લેવાનું સ્વીકાર્યું અને એ અનુસાર ૧૯૭૦માં 'લિપિની' મુદ્રણાલય પોતાના નાના પુત્ર કૈવલ્યને સોંપી વ્યવસાય-નિવૃત્ત બન્યા. વ્યવસાય-નિવૃત્તિ બાદ એમણે વતન કપડવણજમાં રહેવાનું શરૂ કર્યું અને ત્યાંની સામાજિક સંસ્થાઓના સંચાલનમાં સન્નિષ્ઠ બની સક્રિયતા દાખવી. ત્યારબાદ થોડો સમય ભરૂચ ખાતે એક આશ્રમમાં પણ રહ્યા અને પછી મુંબઈ-અમદાવાદ એમ પરિવારજનોની સાથે સમય વ્યતીત કરતાં કરતાં કાવ્યસર્જનનું સાતત્ય જારી રાખ્યું.

એમના જીવનમાં સંઘર્ષો આવતા ગયા તેમ તેમ મનોબળ અને જીવનદૃષ્ટિ વધુ સુદૃઢ બનતાં ગયાં. કોઈ પણ સંજોગોમાં એમણે પ્રસન્નતા ત્યજી નથી. એમના કવિજીવનના આરંભકાળે શ્રેયસ્સાધક માસ્તરસાહેબની આ બે પંક્તિઓ ખૂબ અસર કરી ગયેલી જેનો પડઘો એમના કવનમાં સતત સંભળાયા કરે છે :

**'પ્રસન્નતાને કદી નવ તજીએ**
**પ્રસન્ન સૌ સ્થિતિમાં રહીએ.'**

એ જ્યારે મુંબઈમાં 'લિપિની' ચલાવતા ત્યારે ત્યાં અમદાવાદની 'બુધસભા'ના અનુસંધાને નવ્ય કવિઓને એકત્ર કરી માર્ગદર્શન પણ આપતા. એમની એ પ્રવૃત્તિમાંથી જ ૧૯૫૭માં એમણે 'કવિલોક' નામનું દ્વિમાસિક શરૂ કર્યું અને ૧૯૬૯ સુધી તે ત્રિમાસિક મુંબઈથી ચલાવ્યું. ત્યાર બાદ તેમણે તે ત્રિમાસિક બંધ કરવાનો સંકલ્પ કરતાં સદ્ગત બચુભાઈ રાવતને તે ચલાવવા સોંપ્યું જે આજપર્યંત નિયમિતપણે અમદાવાદમાંથી પ્રગટ થાય છે.

એમને કવિતાના શાસ્ત્રીય પાઠો 'કુમાર'ની બુધસભામાંથી શીખવા મળ્યા. એમના પ્રિય કવિ હતા શ્રીધરાણી. એમનો 'કોડિયાં' કાવ્યસંગ્રહ રાજેન્દ્ર શાહને કંઠસ્થ હતો. તેઓ કહેતા કે જો આ 'કોડિયા' કાવ્યસંગ્રહ કોઈ કારણસર નષ્ટ થાય તો હું તે આખેઆખો ઉતરાવી શકું તેમ છું. આવી તેમની યાદદાસ્ત હતી. તેમણે કાવ્યલેખનનો આરંભ ૧૯૩૭થી કર્યો જે એમના આયુષ્યના લગભગ અંત સુધી ચાલુ રહ્યો. આવા સુદીર્ઘ સમયપટ પર સતત કાવ્યસર્જનરત રહેનાર રાજેન્દ્ર શાહ એક વિરલ કવિ છે.

## સત્યનિષ્ઠા, સૌંદર્યનિષ્ઠા, સમાજનિષ્ઠા અને કર્તવ્યનિષ્ઠા એટલે... |

**અજય પાઠક**

દિલેરબાબૂ. તેમનું નામ દેવેન્દ્રપ્રસાદ નિમ્બાર્ક. તા. ૦૪-૦૧-૨૦૧૦ સોમવારના રોજ વહેલી સવારે આ જાણીતા કવિનું દુઃખદ અવસાન થયું. એક જ દિવસની ટૂંકી બીમારીમાં આમ બન્યું. ડાયાબિટીસનું પ્રમાણ ઘણું વધારે હતું. જોકે તા. ૩૧-૧૨-૨૦૦૯ ગુરુવારે સાંજે 'પગદંડી' (દૈનિક)ના નવા કાર્યાલય પર મને મળવા બોલાવ્યો ત્યારે અડધો કલાક સાથે બેસવાનું બન્યું, ચા-નાસ્તો કર્યાં તે સમયે કે બીજા દિવસે શ્રીમતી પ્રતિભા ઠક્કરના



નિવાસસ્થાને પંદરેક લેખક / કવિઓની યોજાયેલી મિટિંગમાં દિલેરબાબૂની તબિયત તદ્દન સારી જણાતી હતી. તેમનો જુસ્સો પ્રશંસનીય હતો. 'પગદંડી'ની માલિકી બદલાઈ અને નવા માળખામાં દિલેરબાબૂ કેન્દ્રમાં હતા. તેમણે તા. ૦૧-૦૧-૨૦૧૦ના રોજ પ્રતિભા ઠક્કરના ઘેર મિટિંગનું સુંદર સંચાલન કર્યું હતું. ઘણા નવા લેખકોને પગદંડી દૈનિક પૂર્તિઓમાં સ્થાન આપવાની તેમની નેમ હતી.

દિલેરબાબૂની આ ખાસિયત રહી હતી. જરાક પ્રતિભાબીજ કોઈનામાં પાંગરતું જુએ કે તરત જ તેઓ જે તે વ્યક્તિને માર્ગદર્શન / પ્રત્યક્ષ સહાય કરવા તત્પર બની રહે. વ્યક્તિ ચાહે ગરીબ હોય – તવંગર હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, કિશોર અવસ્થામાં હોય કે પ્રૌઢ અવસ્થામાં હોય, દિલેરબાબૂનું લક્ષ્ય તે વ્યક્તિને સર્જકકર્મમાં માર્ગદર્શન આપવાનું રહે. દિલેરબાબૂ હૃદયથી આજીવન શિક્ષક હતા. વ્યવસાય તો પોસ્ટઑફિસમાં ક્લાર્ક તરીકેનો હતો. પણ વ્યવસાયના ક્ષેત્રમાં પણ ચોથા વર્ગના કર્મચારીને જરૂરી શિક્ષણ આપીને, ખાતાકીય પરીક્ષામાં બેસવા પ્રેરીને ક્લાર્ક તરીકે બઢતી અપાવવામાં ખૂબ રસ લેતા. પોતાને શિક્ષક / અધ્યાપક થવું હતું, સંજોગવશાત્ તે શક્ય ન બન્યું. પણ અન્યને શિક્ષક / અધ્યાપક બનવામાં સહાયરૂપ બન્યાનાં દૃષ્ટાંતો છે. જ્ઞાન- વિતરણની અદમ્ય ઇચ્છાને વશવર્તી આખરે તેમણે 'ગુજરાતી ગઝલ વિદ્યાપીઠ'ની સ્થાપના કરવાનું પસંદ કર્યું અને શિષ્યવત્ મિત્ર ગુણવંત ઉપાધ્યાય, પ્રા. ડૉ. પથિક પરમાર, પ્રા. ડૉ. વિનોદ જોશી, 'માય ડિયર જયુ', પ્રા. મહેન્દ્ર ઓધારિયા, રાહી ઓધારિયા, પ્રા. ડૉ. રક્ષાબહેન દવે વગેરેનું સંકલન સાધીને, ગઝલશિક્ષણ અંગેનો વ્યવસ્થિત અભ્યાસક્રમ બનાવીને, તે અંગેનું શિક્ષણકાર્ય આરંભ્યું જેનો પ્રતિસાદ સારો રહ્યો છે. દિલેરબાબૂનું આ સંસ્થાકીય સંભારણું રહેશે. બાકી, છેલ્લાં ૪૦ વર્ષમાં ગુણવંત ઉપાધ્યાય, મહેશ્વરી મહેતા, પથિક પરમાર, પ્રફુલ્લા વોરા, કલ્યાણી મહેતા, અરુણ દેશાણી જેવા અનેક ગઝલકારોની પ્રવૃત્તિમાં દિલેરબાબૂએ પ્રાણ પૂર્યા છે. તેથી દિલેરબાબૂને ગઝલગુરુ તરીકે પણ ઘણા ઓળખે છે. તેમના નિધનથી ન પૂરી શકાય તેવી ખોટ આ રીતે પડી ગણાશે.

દિલેરબાબૂએ ઈ.સ. ૧૯૬૫થી ગઝલ લખવાનું શરૂ કર્યું હતું. ભાવનગરમાં કિસ્મત કુરેશી ગઝલગુરુ તરીકે સર્વસ્વીકૃત હતા અને વ્યાપક પ્રભાવ ધરાવતા હતા. દિલેરબાબૂએ સ્વપ્રયાસથી ગઝલના પાઠ પાકા કર્યા અને ખૂબ મહેનત લઈને પ્રગતિ સાધી. મહેન્દ્ર ગોહિલ 'ઉલ્કા', સાહીલ અને દિલેરબાબૂની ત્રિપુટી ગઝલપ્રયોગો માટે સરસ રીતે કાર્યરત હતી. હિંમત ખાટસુરિયાની સંગાથે અને પછીથી મહેન્દ્ર ગોહિલ અને બીજા અનેક કવિઓને સાથે રાખી 'સાહિત્યસંગમ' નામે સંસ્થા રચી, પ્રવૃત્તિઓ કરી. સાહિત્યના અનેક દૃષ્ટિપૂર્ણ કાર્યક્રમોનાં આયોજનો કર્યાં. 'સમ્બન્ધ' નામનું લીથો – સાઇક્લોસ્ટાઇલ્ડ મેગેઝીન ચલાવ્યું. મહેન્દ્ર ગોહિલની જેમ દિલેરબાબૂ પણ પત્રકારત્વ ક્ષેત્રે આગળ વધ્યા. સર્જનકાર્ય ઓછું થવા લાગ્યું. આમ છતાં દિલેરબાબૂનો સાહિત્યસંપર્ક જીવન્ત રહ્યો. ગઝલના છંદો શીખવવા સૌરાષ્ટ્રમાં તો શિબિરો જાય પણ મુંબઈ સુધી 'કલાગુર્જરી' જેવી સંસ્થાના નિમંત્રણથી જાય. કવિઓને ગઝલના પાઠ પ્રારંભિક કક્ષાએથી શીખવી, કવિ તૈયાર થાય ત્યારે પુસ્તકપ્રકાશન

અંગે માર્ગદર્શન, પ્રેસકૉપી બનાવી આપવી, પરિચય લખી આપવો, શુભેચ્છા-પ્રસ્તાવના લખી આપવી, પુસ્તક-વિમોચન કરવું – એવાં અસંખ્ય કામો માટે દિલેરબાબૂને અન્ય માટે સમય/શક્તિ ફાળવતા જોયા છે. આ જ તેમનું જીવન હતું.

શહેરકક્ષાએ, જિલ્લાકક્ષાએ કે રાજ્યકક્ષાએ વિવિધ કાવ્યસ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવાઓ આપવાનું અવિરતપણે ચાલુ હતું. સાહિત્યવિષયક આયોજન હોય એટલે સૌ દિલેરબાબૂને સંભારે, તેમને તમામ કાર્યભાર સોંપે, તે પછી કલેક્ટરશ્રી હોય કે નગરશ્રેષ્ઠીગણ હોય. 'ભાવનગર કલાકાર જન્મદિન કેલેન્ડર-૨૦૦૫નું પ્રકાશન સમગ્ર ગુજરાતમાં ધ્યાન ખેંચનારું બન્યું હતું. પછીથી આ જ કેલેન્ડરને 'વાર' અને 'સાલ'થી મુક્ત કરીને કાયમી ઉપયોગમાં આવે તેવું કેલેન્ડર બનાવીને એક સુંદર કલાકૃતિ સર્જ્યાનો આનંદ આપ્યો. ભાવનગરના કલાજગત માટે આ એક યાદગાર સંભારણું બની રહ્યું છે. નાટ્યપ્રવૃત્તિ, વિડિયો શુટિંગ, વિકાસ વર્તુલની પ્રવૃત્તિમાં યોગદાન વગેરે પણ તેમની નોંધપાત્ર લાક્ષણિકતાઓ ગણવી જોઈએ.

દિલેરબાબૂમાં આવી સત્યનિષ્ઠા, સૌંદર્યનિષ્ઠા, સમાજનિષ્ઠા અને કર્તવ્યનિષ્ઠા મને જોવા મળી હતી તેથી નવસારી ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદની તા. ૨૭-૧૨-૨૦૦૯ની સવારે મળેલી નવી/જૂની મધ્યસ્થ સમિતિની સંયુક્ત બેઠકમાં નિમંત્રિત સભ્યોની યાદીમાં દિલેરબાબૂનું નામ મેં સૂચવ્યું હતું ! નિયતિની આપણને ક્યાં ખબર હોય છે ?

પરિચયમાં તો ઈ.સ. ૧૯૬૭-૬૮થી, પણ ઉત્તરોત્તર નિકટતા કેળવાતી ગઈ અને ખૂબ નિકટ આવવાનું બન્યું ત્યારે દિલેરબાબૂ આમ અચાનક ગયા ! તેમની 'ભૂમિતિગઝલ'નો એક શે'ર ટાંકીને મારી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

**"જિંદગી અભાવમાં ને અભાવમાં રહી;**
**અષ્ટકોણની ત્રિજ્યા આપણે બની ગયા."**

અંતિમયાત્રામાં ભાવનગરના અનેક સાહિત્યકારો અને કલાકારોની ઉપસ્થિતિ અને ઉદ્ગારો નોંધીને કવિશ્રી જયેશ ઠક્કરે કહ્યું :

**"ફરિશ્તો પાંખ વગરનો..." ઊડી ગયો ભલે,**
**એને કલાજગતમાં, સૌ ચાહતા હતા.**





# સમીક્ષા/ગ્રંથાવલોકન

## માનવીય સંવેદનને પર્યાવરણ સાથે જોડતી વાર્તાઓ | ઇલા નાયક

[**અધૂરી શોધ** : રાજેન્દ્ર પટેલ, રન્નાદે પ્રકાશન, પ્ર. આ. ૨૦૦૯, પૃ. ૯૬, મૂલ્ય રૂ. ૫૫/-]

'જૂઈની સુગંધ' વાર્તાસંગ્રહથી વાર્તામર્મજ્ઞોનું ધ્યાન ખેંચનાર રાજેન્દ્ર પટેલનો 'અધૂરી શોધ' સંગ્રહ પણ ધ્યાનપાત્ર છે. સામ્પ્રત સમયના વાર્તાકારોમાં રાજેન્દ્ર પટેલ જુદા તરી આવે છે. તેમની વાર્તાઓમાં કેન્દ્રમાં છે માનવીય સંવેદન. આ વાર્તાઓને પામવા, આસ્વાદવા માટે વાર્તાકારનાં વિચાર, વલણ, રુચિ આદિની ઓળખ પણ મહત્ત્વની છે. તેમના કહેવા પ્રમાણે આ વાર્તાઓ તેમણે પોતાને ઉપર ઉઠાવવા માટે લખી છે. તેઓ તેમની આસપાસના જગત પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરવા અને પોતાની જાતને શોધવા વાર્તાઓ લખે છે. શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનથી પ્રભાવિત વાર્તાકારની આ રચનાઓમાં માનવીય સંવેદના જુદી જ ભૂમિકાએ વ્યક્ત થઈ છે. ઉપલક દૃષ્ટિએ સાદી અને સરળ લાગતી આ વાર્તાઓમાં પ્રતીકો, વ્યંજના ક્યારેક ભાવકને હંફાવે પણ છે. તેમની વાર્તાઓનો ઉદ્ગમસ્રોત કે રૂપાંતરણના કીમિયાઓ ગમે તે હોય પણ વાર્તાકારની આ અંદરબહારની યાત્રામાં સહભાગી થવું ગમે એવું છે.

'અધૂરી શોધ'નું મુખ્ય પાત્ર જીવણલાલનું છે. તેમના હેરકટિંગ સલૂનમાં કથાનાયક એના અને પિતાજીના વાળ કપાવવા અવારનવાર જતા ત્યારે જીવણલાલ જાતભાતની વાતો કરતા રહેતા. નગરના મહારાજાએ એમના પિતાને મરતાં પહેલાં ત્રણ અમૂલ્ય રત્નો આપેલાં તેની અને આ રત્નો પૂરમાં કેવી રીતે ખોવાયાં તેની વાતો પણ કહે છે. એમના ગર્વની સાબિતી એવાં રત્નો ખોવાવાનું દુઃખ તેમને આજ પર્યંત હતું. આ જીવણલાલ અઠવાડિયામાં એક વાર હૉસ્પિટલમાં દર્દીઓની મફત હજામત કરવા જતા. નાયકના પિતાએ તેમના અંત સમયે પણ જીવણલાલ પાસે જ હજામત કરાવી હતી. એમણે અંત સમયે પુત્રના હાથમાં કશુંક લખવાનો પ્રયત્ન કર્યો પણ પૂરું લખી ન શક્યા, અને જીવણલાલનાં રત્નોની જેમ એ શબ્દ કયો તે ઉકેલવા મથી રહે છે. વાર્તાને અંતે ભાવક પણ એ અર્થશોધ માટે સક્રિય બને છે. અહીં ત્રણ રત્નો અને પિતાએ લખેલો અધૂરો શબ્દ પ્રતીકમૂલ્ય ધારણ કરે છે. અહીં કથાનાયકના પિતાના વાળ કાપતાં કાપતાં જીવણલાલ વાતો કર્યે જાય અને એ રીતે વાર્તાગોંફ ગૂંથાતો આવે એવી રચનારીતિ સહજ બની રહે છે.

કોઈ પણ પદાર્થ કે વ્યક્તિ અન્ય વ્યક્તિ પર પોતાનો પ્રભાવ અવશ્ય છોડે છે એવો પાકો વિશ્વાસ આ વાર્તાકારને છે. એક ચેતનાનાં આંદોલનો અન્ય ચેતના પર કેવી અસર ઊભી કરે છે તેની વાત 'હાઇલેન્ડ' વાર્તામાં સ્ટેલા, ટિંગલિંગ અને રમીલાનાં જુદી જુદી કક્ષાનાં પાત્રો દ્વારા રૂપાંતરિત થઈ છે. કથાનાયક પરદેશના એક મોટા જુગારખાનામાં ચાલી

ચાલીને થાકી જાય છે. તે નિરાંતે બેસવા ફાંફાં મારતો હતો. ત્યારે ટિંગલિંગ નામની એક ચાઇનીઝ છોકરી એને ખુરશી પર બેસાડી ઇલેક્ટ્રિક પેડ બાંધી શેક આપે છે અને એક્યુપ્રેશરની ખુરશીમાં બેસાડી એને રિલેક્સ કરે છે. આ સમયે એને પ્રેમિકા સ્ટેલા અને કામવાળીની દીકરી રમીલા યાદ આવે છે. વર્તમાનની ઘટના સાથે ફ્લૅશબૅકથી સ્ટેલા અને રમીલાના પ્રેમની ઘટના નિરૂપાઈ છે. અહીં સ્ટેલા, ટિંગલિંગ અને રમીલા સાથે નાયકના સંબંધો અલગ અલગ સ્તરના છે પણ તેમની ચેતનામાંથી વહેતા પ્રેમતરંગો એકસરખી હળવાશ અને સુખની લાગણી જન્માવે છે. માત્ર પ્રેમ જ મનુષ્યને ઊંચે લઈ જાય છે અને મનુષ્યને મનુષ્ય સાથે જોડે છે એવી વ્યંજના આવકાર્ય છે. પ્રથમ પુ. એકવચનની કથનરીતિ, ફ્લૅશબૅક અને સન્નિધિકરણની રચનારીતિથી વણાયેલી આ વાર્તામાં આવતાં ટૂંકાં ટૂંકાં વર્ણનોના બુટ્ટા વિશિષ્ટ ભાત રચે છે.

પુત્રીને પિતાએ લખેલા પત્ર રૂપે લખાયેલી ''નવો રંગ'' વાર્તામાં કથાનાયકે પત્ની સાથે ડાઇવોર્સ લીધા પછી સન્યસ્ત લીધું અને હિમાલય ચાલી ગયો. અહીં પણ તે કંટાળે છે પણ પ્રકૃતિનો એક અનુભવ તેને બદલી નાંખે છે અને મા બનેલી પુત્રીને ત્યાં જવાનો નિર્ણય કરે છે. પિતાનો પત્ર વાંચીને પુત્રી પોતાના બાળક પર સ્નેહથી વરસી પડે છે. તે બાગમાં પાણી પાતી હોય છે ત્યારે પતિ બારીના સળિયાને નવો રંગ કરાવવા રંગારાને લઈ આવે છે. અહીં સળિયા રંગવાની ઘટના સ્થૂળતાને અતિક્રમી ભાવનાત્મક રૂપ પામે છે. પ્રેમમાત્ર મનુષ્યને નવો બનાવે છે એવું ઇંગિત આ વાર્તામાં પડેલું છે.

''બલ્બ'' વાર્તામાં બલ્બનો પ્રતીકાત્મક પ્રયોગ નિશ્ચિત ભાવસંક્રાંતિ માટે કરાયો છે. શ્રદ્ધા, ઉજાસ અને પુત્રપ્રેમના અર્થમાં વિસ્તરેલું બલ્બનું પ્રતીક નિશ્ચિત ભાવસંકેત રચે છે. ત્રીજો પુ. કથનકેન્દ્રથી રચાયેલી આ વાર્તામાં સ્વપ્નનો પ્રતીકાત્મક વિનિયોગ પણ નોંધપાત્ર છે.

''ખુલ્લી આંખોની ઊંઘ'' વાર્તામાં પ્રાણજીવન અને મિ. યાદવની નિવૃત્તિ પછીની વાતો દ્વારા વાર્તાકારે તેમના આંતરમનને ઉદ્‌ઘાટિત કર્યું છે. પ્રાણજીવન સતત પ્રેમની શોધમાં છે. સ્કૂલમાં સાથે ભણતી છોકરીની નજરમાં રહેલા પોતા માટેના પ્રેમને ઓળખે છે પણ તેની સાથે ક્યારેય વાત થઈ શકી નહીં. આ પછી તેઓ દરેક સ્ત્રીમાં એ છોકરીની પ્રેમભરી અને વેદનાભરી નજરને શોધતા રહેતા. યાદવ પ્રાણજીવનની આ અધૂરી શોધથી પ્રભાવિત થાય છે. યાદવના મૃત્યુ પછી પ્રાણજીવન તદ્દન એકલા પડે છે અને તેઓ મન બહેલાવવા એક નાનું એક્વેરિયમ લઈ આવે છે. દોડાદોડ કરતી રહેતી માછલીઓને જોઈ તેમને થાય છે કે માછલી ઉઘાડી આંખે જ ઊંઘતી હોવી જોઈએ. તેઓ પણ ઉઘાડી આંખે ઊંઘવાનો પ્રયત્ન કરે છે પણ સફળ થતા નથી. એક દિવસ તેઓ સાંજે બસસ્ટૅન્ડે આવે છે ત્યારે ખૂબ થાકી ગયા હોવાથી પાટિયા પર લંબાવે છે અને 'ઉઘાડી આંખે' ઊંઘવામાં સફળ થાય છે. અહીં 'ઉઘાડી આંખે ઊંઘવા'ની વાત ભારતીય તત્ત્વજ્ઞાનને અસરકારક રીતે વ્યંજિત કરે છે. વાર્તાનો ગૂઢાર્થ એને ઊંડું પરિમાણ આપે છે.

''એક મોડી સાંજ'' વાર્તામાં મનનના અપરાધભાવને મનુઅંકલની કથા દ્વારા નિરૂપ્યો છે. પુત્રી મીનાક્ષીએ કરેલા છળને કારણે મનુઅંકલને જેલમાં જવું પડે છે. જેલમાં તેમને કેદીઓનો પ્રેમ અને સેવા મળે છે ત્યારે 'ગુનેગાર' અને 'સજ્જન' વિશેનાં તેમનાં સમીકરણો બદલાઈ જાય છે. મનુઅંકલની કથા સાંભળી મનને પિતાના વિલમાં અડધા ભાગની જગાએ પોણો કરી નાંખ્યો હતો તે વાત એને પીડે છે, અને મોડી સાંજે આ વાત કબૂલ કરવા તે નાનાભાઈ પાસે ઊપડી જાય છે. અહીં 'મોડી સાંજ' શબ્દોની વ્યંજના વાર્તાવસ્તુને અજવાળે છે.

''સુખની એક પળ'' વાર્તાની નાયિકા તેના નિઃસંતાન હોવાના દુઃખને પક્ષીપ્રેમથી સહ્ય બનાવે છે. ગરોળીથી ડરતી માયા એની સાડીના પાલવ પર ચડેલા બચ્ચાને સ્નેહથી જુએ છે. તે ડરતી નથી. માયા માટે ડરની પળ સુખમાં રૂપાંતરિત થાય છે તેનું નિરૂપણ કરતી આ વાર્તા પ્રેમથી વ્યક્તિના થતા ઊર્ધ્વીકરણનો ધ્વનિ પ્રગટાવે છે. ''ધુમ્મસમાં ડોલતાં વૃક્ષ'' વાર્તાનો નાયક પત્ની સાથે ડાઇવોર્સ થયા પછી એકલો પડી જાય છે. પત્નીના ગયા પછી તે બાની સેવામાં સમય વિતાવે છે પણ બાની વિદાય પછી તે એકલતાથી થાકી જાય છે ત્યારે હિલસ્ટેશને ફરવા જાય છે અને તે પ્રકૃતિ સાથે એકાકાર બને છે. આમ થતાં નાયક હળવાશ અનુભવે છે. પત્ની સોનાલી સાથેનો વિરોધ અને બીજી પીડા જતાં રહે છે. અહીં કોઈ પણ રહસ્યમય અનુભવની વાત કર્યા વિના વાર્તાકારે જીવનશક્તિ આપનારી પ્રકૃતિનો પ્રભાવ સ્થાયી રાખ્યો છે.

''એક અદ્‌ભુત સવાર'' વાર્તામાં મનુષ્યના સેકન્ડ સેલ્ફની વાત છે. આ માટે વાર્તાકારે અરીસાનો માધ્યમ તરીકે ઉપયોગ કર્યો છે. નાયક સતત અરીસામાં દેખાતા 'જણ' સાથે વાત કર્યા કરતો. પણ સમય સાથે દોડતા રહેવામાં પેલો 'જણ' ભુલાઈ જાય છે, પણ કપરી ક્ષણોમાં તેને આત્મહત્યા કરતાં આ મિત્ર જ બચાવી લે છે. પોતાના આંતરતમ સાથે દોસ્તી કરનાર જીવનમાં ક્યારેય હતાશ થતો નથી એવું સૂચવતી આ વાર્તા રહસ્યમય પરિવેશમાં ભાવાત્મક તથા પ્રતીકાત્મક વર્ણનો દ્વારા કલાત્મક રૂપ પામી છે. 'એક દુઃખની પળ' વાર્તામાં સારાં કાર્યો દ્વારા ખરાબ કરેલાં કર્મોનું દુઃખ અને અપરાધભાવ ભૂલી શકાય છે એવો મર્મ પ્રગટ્યો છે. તો ''મોબાઇલ ફોન'' વાર્તામાં મનુષ્યના મોબાઇલ પ્રેમને ઘૂંટી ઘૂંટીને નિરૂપી એનાં દુષ્પરિણામ તરફ અંગુલિનિર્દેશ કરી અંતે પ્રેમમૂલ્યનો મહિમા દઢાવ્યો છે. 'ફડક' વાર્તા માનવમનમાં પ્રવેશી ગયેલા ડરનું મનોવૈજ્ઞાનિક નિરૂપણ છે. જયસુખને કૂતરું કરડેલું અને પૈસાના અભાવે ઇંજેક્શન પૂરાં થઈ ન શકેલાં આથી હડકવાના ડરમાં તે સપડાયો હતો. જયસુખની આવી વાતો સાંભળી કથાનાયકની આંખમાં આંસુ આવી જાય છે અને તે બાથરૂમમાં જાય છે. બાથરૂમમાંથી બહાર આવે છે તો ટેબલ પર એક કાગળ મૂકીને જયસુખ જતો રહેલો. આ કાગળ પેપરવેટ ખસી જતાં ઊડી જાય છે. તે દિવસ પછી જયસુખ નાયકને મળ્યો નથી. તે જયસુખની રાહ જોયા કરે છે. દરેક મુલાકાતીની આંખમાં નાયક તેને ખોળે છે. પણ એક સવારે વૉશબેસિનમાં મોં ધોઈને નેપ્કિનથી લૂછતાં, દર્પણમાં જોતાં નજરમાં નજર પરોવતાં નાયકને પોતાની શોધનો અંત આવેલો લાગે છે. તદ્દન સામાન્ય લાગતી વાર્તા અંતે ચમત્કૃતિયુક્ત અને માર્મિક બની રહે છે. રચનાની આવી પ્રયુક્તિ પરિચિત વાસ્તવને નવા વાસ્તવમાં રૂપાંતરિત કરે છે. દરેકમાં એક જયસુખ રહેલો છે એવી વ્યંજના આસ્વાદ્ય છે.

ટૂંકમાં, 'અધૂરી શોધ'ની વાર્તાઓમાં વાર્તાકારની પ્રતિબદ્ધતા સમગ્ર સૃષ્ટિ પ્રત્યે છે એવી પ્રતીતિ થાય છે. પ્રકૃતિ, પશુપ્રાણીસૃષ્ટિ તથા શોષિત-પીડિત વ્યક્તિ એમની વાર્તાઓનો આધાર છે. આ બધાંમાંથી વાર્તાકારે કૃતિ નિપજાવવા માટે મિશ્ર કથનકેન્દ્ર, પ્ર. પુ. કથનકેન્દ્ર, ત્રી. પુ. કથનકેન્દ્ર, ફ્લૅશબૅક, સન્નિધીકરણ, સ્વપ્ન જેવી પ્રયુક્તિઓ ખપમાં લીધી છે. સ્વપ્નનો પ્રતીકાત્મક પ્રયોગ નોંધપાત્ર છે. જેમકે, ''બલ્બ'' વાર્તામાં ઠાકરસાહેબનાં બા સ્વપ્નસંકેતથી જીવન જીવવાનો આધાર મેળવે છે. ''ખુલ્લી આંખની ઊંઘ'' વાર્તામાં યાદવને આવેલું સ્વપ્ન

ટ્રાફિક વધવાને કારણે શહેરોની વધતી જતી ગીચતાની ભયાવહતાને સૂચવે છે. તો ''નવો રંગ'' વાર્તામાં કથાનાયકને વારંવાર આવતું સ્વપ્ન એના અચેતન મનમાં રહેલા ભયનું ઇંગિત કરે છે. ''મોબાઇલ ફોન''માં નાયકનું સ્વપ્ન એના કામ કરવાના સ્થળનો પ્રભાવ સૂચિત કરે છે. અહીં વાર્તાનાં શીર્ષકો પ્રતીકાત્મક છે, અન્ય પદાર્થો પણ પ્રતીક તરીકે નિરૂપાયા છે. આ પ્રતીકો ભાષાને બૌદ્ધિક આયામ  આપે છે, અને કૃતિમાં આ રીતે ભાવકને સંડોવે પણ છે. પ્રતીકો ક્યારેક અસંદિગ્ધ છે તો અર્થસંકુલ પણ છે. ત્રણ રત્નો (અધૂરી શોધ), બલ્બ (બલ્બ), બસસ્ટૅન્ડ (ખુલ્લી આંખની ઊંઘ), હાથી, ઘોડો અને ઊંટ (નવો રંગ) વગેરે પ્રતીકોમાં નિહિત અર્થચ્છાયાઓ વાર્તાને ઊંડાણ આપે છે. પ્રતીકો અને વ્યંજનાથી ભાષાતિર્યક્તા પણ સિદ્ધ થઈ છે. એ જ રીતે કલ્પનો અને અલંકારો ભાષાસૌંદર્યમાં વધારો કરે છે. ભાવસંવેદનોને ઉપકારક એવાં ટૂંકાં વર્ણનો વાર્તાકલા સિદ્ધ કરવાનું અહીં મહત્ત્વનું ઉપકરણ બને છે. થોડાં દૃષ્ટાંતો :

(૧) ''પ્રકાશ પણ ઝોકે ચડે અને સૂર્યના બંધ થતાં પોપચાંમાંથી થોડુંક ઝાંખું અજવાળું સરી પડે તેવો સાંજનો ઉજાસ ચોતરફ પથરાયેલો હતો.'' (પૃ. ૪)

(૨) ''હોલાના રવમાં ઝૂલતું આસપાસનું વાતાવરણ જોઈને જ તે લેવાનું નક્કી કરેલું.'' (પૃ. ૫૦)

(૩) ''બધી દિશાઓને એના વિશે પૂછ્યું. વહી જતાં પતંગિયાંઓને, દરમાંથી નીકળતી કીડીઓને તેની એંધાણી પૂછી. મોટા વૃક્ષના થડની છાલની ફાટમાં એનો સ્પર્શ શોધ્યો. રઝળતાં પીછાંમાં તેનો રંગ ખોળ્યો.'' (પૃ. ૭૦)

આમ કહી શકાય કે આત્માભિવ્યક્તિ કરતાં કરતાં પોતાને ઊંચે ઉઠાવવા વાર્તાલેખન કરતા આ વાર્તાકારે આસપાસના જગતમાં જે ઉત્તમોત્તમ જોયું અને જે ઉત્તમોત્તમ પોતે ઇચ્છ્યું તેનું અહીં સફળતાપૂર્વક સર્જનાત્મક રૂપ આપ્યું છે. પ્રકૃતિ અને પશુપંખીપ્રેમ મનુષ્યને જીવનઊર્જા આપે છે એવો અર્થબોધ આપતી આ વાર્તાઓ દુર્બોધ નથી તેમ મુખર પણ નથી. આ વાર્તાઓમાં એક અદના માનવીની છબી ઝલમલી રહે છે. અહીં વાર્તાઓને સમજવાનું કેન્દ્ર જ જુદું છે. માનવીય સંવેદનને પર્યાવરણ સાથે જોડી તત્ત્વદર્શનને સ્પર્શતી આ વાર્તાઓ વાર્તાકલાની સિદ્ધિ દાખવે છે. રાજેન્દ્ર પટેલની અધૂરી નહીં પણ મધુરી શોધ આવકાર્ય છે.

## સર્જકતાનો નવોન્મેષ | રતિલાલ બોરીસાગર

['પછડાટ' : નિર્મિશ ઠાકર, પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૭]

હાસ્યરચનાઓની વાત હોય કે ગંભીર રચનાઓની – નિર્મિશ એટલે નિત્યનૂતનતા ! 'ટ્રાયોલેટ' જેવા અભિનવ કાવ્યસ્વરૂપના જન્મદાતા બનવાનું સદ્‌ભાગ્ય પણ એમને સાંપડ્યું છે. હાસ્યક્ષેત્રે તો નિર્મિશ જેટલી પ્રયોગશીલતા ભાગ્યે જ એમની પેઢીના કોઈ સર્જકે દાખવી હશે. હાસ્યરસની પદ્યરચનાઓ – ખાસ કરીને પ્રતિકાવ્યોના સર્જનમાં નિર્મિશનું નામ સર્વોચ્ચ સ્થાને મૂકી શકાય. આપણી ભાષામાં – કદાચ બીજી ભાષાઓમાં પણ – હાસ્યરસનો મહિમા ઓછો છે. પ્રતિકાવ્યને તો પશ્ચિમમાં પણ 'કાવ્ય' સંજ્ઞાનો દરજ્જો મળતો નથી. એ વાત ખરી છે કે હાસ્યરસની કાવ્યરચનાઓમાં 'હાસ્ય' સિદ્ધ કરવાની જેટલી મથામણ થાય છે એટલી 'કાવ્ય' સિદ્ધ કરવાની નથી થતી. પણ નિર્મિશ એમાં સુખદ અપવાદ છે. નિર્મિશની હાસ્યકાવ્યરચનાઓમાં 'હાસ્ય' અને 'કાવ્ય' ઉભય સિદ્ધ કરવાની મથામણ દેખાય છે. નિર્મિશ આવી મથામણ કરી શકે છે કારણ કે છંદઃશાસ્ત્ર (ગઝલના છંદઃશાસ્ત્ર સહિત) પર એમનું પ્રશસ્ય પ્રભુત્વ છે. આ ભૂમિકાના ઉપલક્ષ્યમાં નિર્મિશ ઠાકરના હાસ્યરસિક ઉખાણાંઓના સંગ્રહ 'પછડાટ'ની વાત કરીશું.

'ઉખાણું' એટલે સમસ્યા-કોયડો. શામળની વાર્તાઓમાં બુદ્ધિની બરાબરની કસોટી કરે એવી સમસ્યાઓનું નિરૂપણ જોવા મળે છે. આપણે જેને 'ઉખાણું' કહીએ છીએ તે સામાન્ય રીતે બાળકો (મોટી સાઇઝનાં બાળકો પણ) માટેની હળવી પદ્યાત્મક સામગ્રી હોય છે. ઉખાણાંમાં કશાકનાં લક્ષણો વર્ણવવામાં આવે છે અને એ લક્ષણો પરથી જેના વિશેની વાત હોય તેને ઓળખી કાઢવાનો પ્રયત્ન કરવાનો હોય છે. આમાં વરતવાની-ઓળખવાની વાત હોય છે એટલે ગોહિલવાડી બોલીમાં એને 'વરત' તરીકે પણ ઓળખવામાં આવે છે. કદાચ બીજી પ્રાદેશિક બોલીઓમાં પણ ખાણા માટે આવો કોઈ શબ્દ હોય એમ બને.

'પછડાટ' સંગ્રહમાં ઉખાણાંઓ સાથે હઝલો પણ આપવામાં આવી છે. 'ગુજરાત સાહિત્ય અકાદમી' દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા 'ઉર્દૂ ગુજરાતી શબ્દકોશ' (પ્રથમ આવૃત્તિ-૧૯૯૯)માં 'હઝલ' શબ્દનો અર્થ 'અશ્લીલ કવિતા' એવો આપ્યો છે અને 'હઝલ' પરથી બનેલા શબ્દ 'હઝલગો'નો અર્થ 'અશ્લીલ અને હસાવનારી કવિતા કરનાર' એવો આપ્યો છે (પાન નંબર ૧૧૦૦). કદાચ આમાંથી હસાવનારી ગઝલ માટે હિન્દીમાં 'હઝલ' શબ્દ રૂઢ થયો હોય એમ બને. અલબત્ત, ગઝલ-હઝલના અભ્યાસીઓ આ અંગે વિશેષ પ્રકાશ પાડી શકે. ગુજરાતીમાં આપણે હિન્દીમાંથી આ 'હઝલ' શબ્દ સ્વીકાર્યો હોય એમ જણાય છે. હાસ્યરસના કોઈ પણ કાવ્ય માટે આપણે 'હઝલ' શબ્દ વાપરતાં નથી – હાસ્યરસની ગઝલ માટે જ હઝલ શબ્દ આપણે વાપરીએ છીએ. તો પછી જે રીતે આપણે 'હાસ્ય-કાવ્ય' કે 'હાસ્ય-વાર્તા' એવો પ્રયોગ કરીએ છીએ તે રીતે 'હાસ્ય-ગઝલ' એવો પ્રયોગ કેમ નથી કરતાં ? કદાચ આપણી હઝલોમાં હાસ્ય સિદ્ધ કરવાની જેટલી મથામણ દેખાય છે એટલી કાવ્યત્વ સિદ્ધ કરવા માટેની મથામણ દેખાતી નથી એટલે ? ખરેખર તો હઝલકારને માથે બેવડી જવાબદારી છે : એણે નિર્દોષ અને નિર્મળ હાસ્ય પણ સિદ્ધ કરવાનું છે અને કાવ્યત્વ પણ સિદ્ધ કરવાનું છે. આપણા સુપ્રસિદ્ધ ગઝલકાર અને ગઝલસ્વરૂપના ઊંડા અભ્યાસી રાજેશ 'મિસ્કીને' ચન્દ્રકાંત ટોપીવાળાનું જે વિધાન 'ગઝલવિમર્શ'માં ઉદ્ધૃત કર્યું છે (પાના નં. ૧૮૧) તે સમજવાની ગઝલકારોને જેટલી જરૂર છે એટલી જ જરૂર હઝલકારોને પણ છે. ટોપીવાળાસાહેબ કહે છે : ''ગઝલ કાવ્યનો પ્રકાર છે. સૉનેટ હોય અને કાવ્ય ન બને, હાઇકુ હોય અને કાવ્ય ન બને તેમ ગઝલ હોય અને કાવ્ય ન બને ગઝલત્વ પ્રણાલી છે. કાવ્યત્વ પ્રતિભા છે. આ બેનો સમન્વય જ કાવ્યપ્રકાર સિદ્ધ કરી શકે. હઝલમાં તો ગઝલત્વ અને કાવ્યત્વ ઉપરાંત હાસ્યનો સમન્વય પણ થવો જોઈએ. નિર્મિશ આ અંગે પૂરેપૂરા જાગ્રત છે એવી મારી છાપ છે.

'પછડાટ'નાં ઉખાણાંઓ અને હઝલોમાં નિર્મિશની હાસ્યની સૂઝ અને એ સૂઝનો વિનિયોગ કરવાની સર્જક-પ્રતિભાનો પરિચય મળે છે. ઉખાણાંઓ સાથે આપવામાં આવેલી હઝલો અવકાશપૂરક તરીકે મૂકવામાં નથી આવી. આ હઝલો દૃષ્ટિપૂર્વકના પરિરૂપનો એક ભાગ છે. જે વિષયનું ઉખાણું હોય એ જ વિષયની હઝલ મુકાઈ છે. આ કારણે વક્તવ્ય વધારે વિશદ બન્યું છે એટલું જ નહિ, એક જ વિષયની ભિન્ન અભિવ્યક્તિ-તરેહ પણ એટલી જ આસ્વાદ્ય

બની રહે છે. દરેક ઉખાણાનો જવાબ અને સાથે 'જવાબ અંગે કુતર્ક' એવા શીર્ષકથી હઝલના ચાર-ચાર શેર આપવામાં આવ્યા છે. ચાર-ચાર શેરની આ એકરૂપતા પણ પરિરૂપની સુરેખતામાં ઉમેરો કરે છે. અહીં સંગૃહીત થયેલાં ઉખાણાં અને હઝલોમાં હાસ્ય અને કટાક્ષનો સુભગ સમન્વય જોવા મળે છે. સાંપ્રત રાજ-કારણ અને સમાજજીવન પર દંશરહિત કટાક્ષો છે. સાહિત્યિક રચનામાં દંશરહિત કટાક્ષનો ઘણો મહિમા છે. દંશયુક્ત કટાક્ષ બૌદ્ધિકતા કે સૂક્ષ્મતાની દષ્ટિએ ગમે તેટલો ઊંચી કોટિનો હોય તોપણ રસક્ષતિ કરનારો નીવડે છે. મર્માળુ હાસ્ય, દંશરહિત કટાક્ષ અને રચનારીતિના નાવીન્યને કારણે આ રચનાઓ – ખાસ કરીને ઉખાણાંઓ – આસ્વાદ્ય બની છે.

'પછડાટ'નાં ઉખાણાંઓ અને હઝલોમાંથી કેટલાંક ઉદાહરણો રજૂ કર્યાં છે. દરેક હઝલના ચાર-ચાર શેરને બદલે નમૂના રૂપે બબ્બે શેર આપ્યા છે :

**(૧)**

**કલમે કાઠી છે, છતાં**
**નહીં કવિ નહીં લેખક**
**'કૃતિ'નાં કાઢે છોતરાં**
**કદી ચૂકે ના તક.**

(જવાબ : વિવેચક)

જવાબ અંગે કુતર્ક

**કૈં ન ઉગાડી શકે વિવેચકો**
**શબ્દને વાઢી શકે વિવેચકો**
**સર્જનોમાં એમના ઓજારથી**
**ગાબડાં પાડી શકે વિવેચકો.**

**(૨)**

**કામ તમે ચીંધો પછી**
**આંખો એની ફેણ**
**તુર્ત રકાબી ફોડશે**
**નહીં સાંધો નહીં રેણ.**

(જવાબ : રામો)

જવાબ અંગે કુતર્ક

**રોફ તમારો ઘરમાં ઊતરી જાય છે પ્યારે**
**રોફથી ફરતા રામાથી તો રામ બચાવે**
**'છૂટા કરી દઉં તમને' એવી ધમકી સાથે**
**માલિક બનતા રામાથી તો રામ બચાવે.**

**(૩)**

**કંથ સમો બબડે કદી**
**કોઈ ન સાંભળનાર**
**ટીવીએ ઘર ઝૂંટવ્યું**
**કાઢ્યો ઘરની બહાર.**

(જવાબ : રેડિયો)

જવાબ અંગે કુતર્ક

**ભૂતકાળોમાં સરે છે**
**રેડિયો કોને જડે છે ?**
**આ ટીવીના વ્યાપ વચ્ચે**
**રેડિયો કોને અડે છે ?**

**(૪)**

**જે ખાતાં કિસ્મત ખૂલે**
**બંધ રહે છે મુખ**
**ઓડકાર આવે નહીં**
**ને બમણી લાગે ભૂખ.**

(જવાબ : લાંચ)

જવાબ અંગે કુતર્ક

**માર્ગદર્શક તું જ તારો, કાઢ રસ્તો...**
**કેટલી લેવી ને ક્યારે લાંચ લેવી**
**નાંખવો ના હાથ નાનામાં કદીયે**
**શક્ય હો તો ખૂબ ભારે લાંચ લેવી**

ઉખાણાંઓ અને હઝલોનો આ નાનકડો સંગ્રહ ગુજરાતી હાસ્યસાહિત્યમાં નોંધપાત્ર ઉમેરો છે.

# આયુષ્યના અવશેષે

રાજેન્દ્ર શાહ

## ૧. ઘર ભણી

ખખડ થતી ને ખોડંગાતી જતી ડમણી જૂની,
વિજન પથને ચીલે ચીલે તમિસ્ર મહીં ઘન;
સ્વપન મધુરી નિદ્રાનું તે દગો મહીં અંજન
ભરતી ઘૂઘરી ધોરી કેરી મીઠા રણકારથી.

ચરમ પ્રહરે ઠંડી ધીમા સમીર મહીં ભળી,
સ્મૃતિદુઃખ મને વ્યાપે તેવી બધે પ્રસરી રહી.
લઘુક દીવડે સૂતી સીમા બધી બનતી લહી
સજગ, તમ-ને ઓઢી પાછું જતી પડખું ફરી.

પથ-તરુ તણા નીડે પંખી ક્યહીં ફરકે અને
કદીક અથવા તારો કોઈ ખરે, બસ, એટલું
કળિત બનતું, ત્યાંયે ઊંડા મને કરણો સહુ
કણ કણની આ માટી કેરી કથા નીરખી રહે.

જનમ-સ્થલની ઝાંખી આયુષ્યની અવધે કરું,
ભર્યું જવ હતું તેની યાદે સૂને ઘર સંચરું.

## ૨. પ્રવેશ

ભર્યું ઘર હતું તેના સૂના રજોમય પ્રાંગણે
લઘુક ગઠડી મૂકી આયુષ્યના અવશેષની,
ત્યહીં ધૂમસથી છાયેલા તે વિષણ્ણ ઉજેશની
ટશર ગગને લાગી; જાગી દિશા અનુકંપને.

ખબર પૂછતાં મોટેરાં જે જીવંત રહ્યાં જૂજ,
નજર કરી લૈ કામે લાગી જતી વહુવારુઓ,
કુતૂહલ થકી પ્રેર્યાં આવી વળ્યાં કંઈ બાળકો,
ક્ષણ ભસી પછી શ્વાને સૂંઘી લીધા ચરણો મુજ.

મુખથી ઊઘડ્યાં તાળાં, દ્વારે કર્યું જરી ક્રંદન,
અચલ સ્થિતિમાં ગાત્રો જેનાં જડાઈ ગયાં હતાં;
ભીતર થકી ત્યાં ભીની વાસી હવા તક લાધતાં
ધસી રહી શી ! કો પ્રેતે જાણે લહ્યું નિજ મોચન.

ઘર મહીં જતાં અંધારાંએ ઘડી લીધ આવરી,
કિરણપરશે જૂનાં પાત્રો વળી નીરખ્યાં ફરી.

## ૩. સ્વજનોની સ્મૃતિ

જીરણ થઈને ભીંતે ઝૂકી ઊભો હજી ખાટ આ,
રજનિ નમતાં જે ઢાળીને પિતાજી પુરાણની
જીવનબળને દેતી કહેતા કથા રસની ભરી,
પુર ઘર સમું હેતે મ્હોર્યું હતું પરસાળમાં.

મુખ મરકતું માનું જેના સ્વરે ઘર ગુંજતું,
નિત નિત વલોણાનાં એનાં અમી ધરતી હતી,
સુરભિ હતી જ્યાં સૌની વાંછા સદા ફળતી હતી,
અવ અહીં ઝૂલે ખાલી સીકું, વિના દધિ ઝૂરતું.

અહીં ઉપરની મેડી જોને કશી વલખી રહી !
પ્રિય ! ઊછળતાં બે હૈયાનો થયો અહીં સંગમ.
અહીં પૂનમની રાતે મોજે ચડ્યાં ભરતી સમ.
ગગન ઝીલતી જાળી જાળાં થકી અવ આંધળી.

ગિરિસર સમું હંસોનો જે કલધ્વનિ રેલતું,
તમરું પણ ત્યાં આજે મૂંગી વ્યથાથી ન બોલતું.

## ૪. પરિવર્તન

શિશુ હૃદયના ઉલ્લાસે જ્યાં ઊભી ઝરૂખા કને
ઇહ નીરખતો ચીલો, બંકી ધરી ગતિ દૃષ્ટિમાં
ક્ષણ ક્ષણ રમી સંતાતો ને અનંતન સૃષ્ટિમાં
ભ્રમણ અરથે જાતો, પૂંઠે વિમુગ્ધ મૂકી મને.

તલસતું હતું હૈયું કેવું સુદૂર અગમ્યને
પથ વિહરવા કાજે ! — જેની અપૂર્ણ કથા તણા
ધૂમસ પર અંકાતી મારી સુરંગીન કલ્પના;
નિજ રચિત, આનંદે જોતાં દગો, ભવિતવ્યને.





પરબ □ ફેબ્રુઆરી, 2010

હજીય ઝરૂખો એનો એ, હું, અને વળી પંથ આ,
પણ અવ અહીં આવી ઘેરી વળે ગતની સ્મૃતિ.
બીન મૂક થયું તોયે એની સુણી રહું ઝંકૃતિ,
વિવિધ સમયે છેડ્યા તે સૌ મળે સ્વર વૃંદમાં.
સરલ મનનાં ચાંચલ્યોનાં હવે નહિ ક્રીડન,
અવ હૃદયના શૂન્યે લાધ્યું પ્રશાન્ત નિમજ્જન.

**૫. જીવનવિલય**

અવ હૃદયના શૂન્યે પામી રહ્યો લહું છું લય.
અહીં નહિ હવે સંકલ્પો ને નહીં કંઈ વૃત્તિયે,
તદપિ મુજ કર્મોની પેલી પ્રફુલ્લિત સૃષ્ટિ તે
ચહુ દિશ થકી ગર્જે આદ્યંત જીવનનો જય.

શબદ ઊપન્યો તેવો જોકે શમે, પણ એહના
અસીમિત જગે વ્યાપી રૂહે છે અનંત પ્રતિધ્વનિ.
નહિવત બની રૂહેતું માટી મહીં, પણ બીજની
તરુવર તણાં પર્ણે કેવી રમે શત એષણા !

જીવનનું જરા આઘે રૂહૈને કરું અહીં દર્શન,
ઉગમ નહિ વા ન્યાળું કોનાય તે વળી અંતને;
રૂપની રમણા માંહી કોઈ ચિરંતન તત્ત્વને
નીરખું, નિજ આનંદે રૂહેતું ધરી પરિવર્તન.

ગહન નિધિ હું, મોજુંયે હું, વળી ઘનવર્ષણ,
અભિનવ સ્વરૂપે પામું હું સદૈવ વિસર્જન.

(સંકલિત કવિતા, પૃ. ૧૨–૧૫)



# સાહિત્યવૃત્ત

સંકલન : પ્રફુલ્લ રાવલ

### સતીશ વ્યાસને નર્મદ સુવર્ણચંદ્રક

‘કાન્ત’ના જીવન પર આધારિત નાટક ‘જળને પડદે’ માટે શ્રી સતીશ વ્યાસને નર્મદ ચંદ્રક આપવાની જાહેરાત નર્મદ સાહિત્યસભા દ્વારા કરવામાં આવી છે.

### વિશ્વકોશ લલિતકલા કેન્દ્રનું ઉદ્‌ઘાટન

૨ જાન્યુઆરીએ ગુજરાત વિશ્વકોશભવનના શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં શ્રી ભોળાભાઈ પટેલે દીપ પ્રગટાવીને લલિતકલા કેન્દ્રનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને શ્રી કુમારપાળ દેસાઈએ લલિતકલા કેન્દ્ર અંગે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. આ કેન્દ્રના પ્રથમ કાર્યક્રમના રૂપમાં કવિશ્રી રમેશ પારેખનાં કાવ્યોની શ્રી અમર ભટ્ટ દ્વારા સંગીતમય રજૂઆત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન ને સંચાલન શ્રી હીનાબહેન શુક્લે કર્યું હતું.

### ગુજરાત સાહિત્ય અકાદમી, સંસ્કૃત સાહિત્ય અકાદમી અને સિંધી સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક અર્પણવિધિ

ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે તા. ૧૧ જાન્યુઆરીએ મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાના હસ્તે ગુજરાતી ભાષામાં ૨૦૦૭ના વર્ષમાં, સંસ્કૃત ભાષામાં ૨૦૦૫, ૨૦૦૬ ને ૨૦૦૭ના વર્ષમાં અને સિંધી ભાષામાં ૨૦૦૬ ૨૦૦૭ના વર્ષમાં પ્રગટ થયેલ પુસ્તકોમાંથી ઉત્તમ ગુણવત્તા ધરાવતાં શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક અપાયાં ત્યારે સ્વાગત અને આભારદર્શન હર્ષદ ત્રિવેદીએ કર્યું હતું. પ્રાસંગિક વક્તવ્ય જી. આર. ચૌધરી ને ભાગ્યેશ જહાનું હતું. મુખ્ય મહેમાન ભગવતીકુમાર શર્મા હતા. કાર્યક્રમનું સંચાલન અંકિત ત્રિવેદીએ કર્યું હતું.

### ડૉ. ભગવાનદાસ પટેલને ‘ટાગોર લિટરેચર એવૉર્ડ’

સાહિત્ય અકાદમી, દિલ્હીએ કોરિયન સરકારની સહાયથી ટાગોર લિટરેચર એવૉર્ડનો પ્રારંભ કર્યો છે અને પ્રથમ એવૉર્ડ ડૉ. ભગવાનદાસ પટેલને એમની આત્મકથા ‘મારી લોકયાત્રા’ના સંદર્ભે અપાયો છે. ડૉ. પટેલ વર્ષોથી ભીલ આદિવાસી સંસ્કૃતિ-સમાજ લોકવિદ્યા ને લોકસાહિત્યના ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે. એમને અભિનંદન.

### ‘સાબર સાહિત્ય સભા’ના ઉપક્રમે ૨૩ પુસ્તકોનું વિમોચન

‘સાબર સાહિત્ય સભા’ અને ‘સંસ્કાર ભારતી’ દ્વારા ૧૬ જાન્યુઆરીએ ૨૩ પુસ્તકોના વિમોચનનો કાર્યક્રમ ઊજવાયો તેમાં અધ્યક્ષસ્થાને મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલા હતા. ઉદ્‌ઘાટક શ્રી હરિકૃષ્ણ પાઠક હતા અને અતિથિ તરીકે શ્રી રજનીકુમાર પંડ્યા અને શ્રી રતિલાલ બોરીસાગર તેમજ ગુજરાત સાહિત્ય અકાદમી મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદી મુખ્ય મહેમાન હતા.

### ‘મોંઘેરી મિરાત મીરાં’નો લોકાર્પણ સમારંભ

૬ ડિસેમ્બરે ૨૦૦૯ના રોજ ડૉ. પ્રદીપ ‘સુમિરન’ સંપાદિત ‘મોંઘેરી મિરાત મીરાં’

ગ્રંથનો લોકાર્પણ સમારંભ સંપન્ન થયો. શ્રી ભાણદેવજીના હસ્તે આ લોકાર્પણ થયું હતું.

### કવિ હરીશ ઠાકરનું સન્માન

ચેન્નાઈ ખાતે અખિલ ભારતીય બાજ ખેડાવાળ હિતવર્ધક સભાના ૨૨મા રાષ્ટ્રિય અધિવેશનમાં નડિયાદના કવિ હરીશ ઠાકરનું સન્માન કરાયું હતું.

### રાજેન્દ્ર શાહ શ્રદ્ધાંજલિ

સુરત – નર્મદ સાહિત્ય સભા, રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સાહિત્ય સંગમ, ઇત્યાદિ સંસ્થાઓના ઉપક્રમે ભગવતીકુમાર શર્માના પ્રમુખપદે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ સંપન્ન થયો હતો. નડિયાદ ખાતે પણ આ પ્રકારનો કાર્યક્રમ ત્યાંની સંસ્થાઓના ઉપક્રમે થયો હતો.

### એકાંકી નાટ્યલેખન સ્પર્ધા

ભાવનગર ગદ્યસભાના સ્થાપનાદિન નિમિત્તે તમામ સર્જકો માટે ગુજરાતી એકાંકી નાટ્યલેખન સ્પર્ધાનું આયોજન થયું છે. ૩૦થી ૪૫ મિનિટની સમયમર્યાદામાં ભજવી શકાય તેવું – મંચનક્ષમ ગુજરાતી એકાંકી, એ/૪ સાઇઝના કાગળની એક બાજુએ ટાઇપ કરીને તા. ૨૮-૨-૧૦ સુધીમાં અજય ઓઝા, ૫૮, મીરાપાર્ક, 'આસ્થા', અખિલેશ સર્કલ, ઘોઘા રોડ, ભાવનગર-૧ (ભો. ૯૮૨૫૨૫૨૮૧૧)ના સરનામે મોકલવું. કૃતિ પર લેખકે નામ-સરનામું ન લખતા અલગ કાગળ પર લખવું. રૂ. ૧૦૦૦, રૂ. ૭૫૦ ને રૂ. ૫૦૦નું અનુક્રમે પહેલું, બીજું, ત્રીજું ઇનામ અપાશે.

### નવોદિત સર્જકો માટે શિબિર

તાજેતરમાં લૅંગ લાઇબ્રેરી ટ્રસ્ટ સંચાલિત શ્રી અરવિંદભાઈ મણિયાર પુસ્તકાલય તેમજ ગુજરાત સાહિત્ય અકાદમી – ગુજરાતના સહયોગથી મહાત્મા ગાંધી વિદ્યાલય (આલ્ફ્રેડ હાઈસ્કૂલ) ખાતે નવોદિત સર્જકો માટે ત્રિદિવસિય સર્જક (લેખન) શિબિર યોજાઈ ગયેલ. આ શિબિરના ઉદ્‌ઘાટન-સમારોહમાં મુખ્ય વક્તા અને ઉદ્‌ઘાટક શ્રી વિષ્ણુભાઈ પંડ્યા હતા, જ્યારે બંને સમારોહના અધ્યક્ષસ્થાને લૅંગ લાઇબ્રેરીના પ્રમુખ ડૉ. નિરંજન પરીખ અને સમગ્ર શિબિરનાં અધ્યક્ષ તરીકે શ્રી રમણીકભાઈ પીઠડિયા હતા. આ શિબિરમાં સર્વશ્રી રજનીકુમાર પંડ્યા, શ્રી પ્રદ્યુમનભાઈ જોશીપુરા, શ્રી જયભાઈ વસાવડા, શ્રી વીનેશભાઈ અંતાણી, હેમલબહેન ભટ્ટ તથા શ્રી દોલતભાઈ ભટ્ટે ઉપસ્થિત રહીને નવોદિત સર્જકોને મૂલ્યવાન માર્ગદર્શન આપ્યું હતું.

### ઉપલેટામાં કાવ્યવાચન

તા. ૯-૧-૨૦૧૦ ને શનિવારના રોજ રાત્રે ૯.૦૦ વાગ્યે આહમદ મકરાણીના નિવાસસ્થાને ધોરાજીના કવિશ્રી ફારૂક શાહનાં કાવ્યોનું વાચન રાખવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં આહમદ મકરાણી, ગુણવંત જોષી, અશરફ મકરાણી તથા જશુપુરી ગોસ્વામીએ પણ પોતાનાં કાવ્યોનું પઠન કર્યું હતું.

**આહમદ મકરાણી**







# પરિષદવૃત્ત

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

ગુજરાતી સાહિત્ય પરિષદ અને દેસાઈ શ્રી એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામના સંયુક્ત ઉપક્રમે શ્રી તારાબહેન મંગળજી મહેતા વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી લલિત નિબંધ : વળાંકો અને વિશેષો' પ્રા. અજય રાવલે પૂરી સજ્જતાથી ઉદાહરણો અને સંદર્ભો સાથે આપ્યું.

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રકાશનમંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે ખાસ ઉપસ્થિત રહી ભૂમિકારૂપ વ્યાખ્યાન અને ઉમળકો વ્યક્ત કર્યો. પ્રા. અશ્વિન આણદાણીએ પરિષદ, કૉલેજ અને વિદ્યાર્થીઓનો વિશેષ આભાર માન્યો હતો.

### રાજેન્દ્ર શાહને શ્રદ્ધાંજલિ

આપણા મૂર્ધન્ય કવિ રાજેન્દ્ર શાહનું ૨ જાન્યુઆરીના રોજ નિધન થયું. તેમને અંજલિ આપવા તા. ૧૨-૧-૨૦૧૦ના રોજ પરિષદમાં શોકસભાનું આયોજન કર્યું હતું. શ્રી નિરંજન ભગતના અધ્યક્ષસ્થાને મળેલ આ સભામાં શ્રી ધીરુભાઈ પરીખ, શ્રી ભોળાભાઈ પટેલ અને શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ એમના જીવન અને કવિતા સંદર્ભે વાત કરીને અંજલિ આપી હતી. શ્રી નિરંજન ભગતે એમને મોટા ગજાના કવિ કહીને મુંબઈના વસવાટ દરમિયાનનાં સ્મરણો સાથે એમની કવિતા અંગે સ્મરણીય વાતો કરી હતી. મંત્રી રાજેન્દ્ર પટેલે શોકઠરાવનું વાંચન અને સભાનું સંચાલન કર્યું હતું. શોકસભા પૂર્વે પરેશ નાયક દિગ્દર્શિત એમની ફિલ્મ દર્શાવવામાં આવી હતી.

### સાહિત્યસિદ્ધાન્ત વ્યાખ્યાનશ્રેણી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત 'સાહિત્યસિદ્ધાન્ત વ્યાખ્યાનશ્રેણી'નું બીજું વ્યાખ્યાન ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૦ને ગુરુવારે સાંજે ૫.૩૦ કલાકે જાણીતા આધુનિક વિવેચક અને સર્જક શ્રી સુમન શાહ 'સાહિત્યસિદ્ધાન્તના સ્વરૂપની વિચારણા' વિશે આપશે. સાહિત્યસિદ્ધાન્તની વધુ ને વધુ નિકટ જવાય, પૂર્વ અને પશ્ચિમના કાવ્યવિચારની તુલનાત્મક ચર્ચા થાય તેમજ નૂતન પ્રવાહોની જાણકારી મળે એ આ શ્રેણીનો ઉદ્દેશ છે. રસ ધરાવનાર સૌને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

### ગ્રંથગોષ્ઠિ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાય મંદિર દ્વારા યોજાતા 'ગ્રંથગોષ્ઠિ' કાર્યક્રમ અંતર્ગત શ્રી રઘુવીર ચૌધરીના અધ્યક્ષસ્થાને તા. ૧૬-૨-૨૦૧૦ ને મંગળવારના રોજ જાણીતા આધુનિક સર્જક-વિવેચક શ્રી શિરીષ પંચાલના વાર્તાસંગ્રહ 'અંચઈ' વિશે શ્રી  અજય રાવલ તેમજ દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કૃત વિવેચનગ્રંથ 'વાત આપણા વિવેચનની' વિશે શ્રીમતી ઉષા ઉપાધ્યાય આસ્વાદલક્ષી વક્તવ્ય આપશે.

PARAB 2010 March (Dr. Fixit)   Regd. No. GAMC-306/2009-2011
RNI No. GUJGUJ/2006/17273   Posted at Ahd. PSO on
10th of every month SSP Ah'd valid upto 31-12-2011

## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




[**'કથા-કલરવ'** : સુમંત રાવલ, પ્ર.આ. ૨૦૦૮, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૧૦+૧૬૨, કિં. રૂ. ૧૦૦/-]

ગુજરાતી સાહિત્ય પરિષદની શતાબ્દી ગ્રંથશ્રેણીના ૩૫મા પુસ્તક તરીકે 'કથા-કલરવ' વાર્તાસંગ્રહ પ્રગટ થઈ રહ્યો છે. આ સંગ્રહના લેખક સુમંત રાવલની ૧૮ નવલકથાઓ અને છ વાર્તાસંગ્રહો પ્રકાશિત થયા છે. એમના 'ઘટનાલય' વાર્તાસંગ્રહને ગુજરાત સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયું છે. તેઓ સારા વાચક પણ છે. 'ચાંદની' અને 'આરામ' જેવાં વાર્તા-સામયિકોએ તેમને વાર્તાલેખનની દિશામાં પ્રેર્યા છે. ઉપરાંત 'નવનીત-સમર્પણ', 'ચિત્રલેખા', 'શબ્દસૃષ્ટિ', 'પરબ' ઇત્યાદિ સામયિકોમાં એમની વાર્તાઓ સતત છપાતી રહી છે. સુરતી મોઢ વણિકજ્ઞાતિના મુખપત્ર 'જ્યોતિર્ધર'ના સૌજન્યથી આ પુસ્તકનું પ્રકાશન થઈ રહ્યું છે.

વાર્તારસિક ભાવકો આ સંગ્રહને ઉષ્માભેર આવકારશે એવી આશા છે.

[**'નહિ વીસરાતા ચહેરા'** : પ્રફુલ્લ રાવલ, પ્ર. આ. ૨૦૦૯, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૧૨+૧૮૪, કિં. રૂ. ૧૧૦/-]




'નહિ વીસરાતા ચહેરા' એ પ્રફુલ્લ રાવલના ચરિત્ર-નિબંધોનો સંચય ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આચાર્ય કાકાસાહેબ કાલેલકર ગ્રંથાવલિ પ્રકાશન સમિતિના સૌજન્યથી પ્રકાશિત થઈ રહ્યો છે. શ્રી પ્રફુલ્લ રાવલ નિબંધલેખનમાં – વિશેષે ચરિત્રનિબંધો અને ચરિત્રોના લેખનમાં તેમજ લઘુકથાના સર્જનમાં માહિર છે. આ પુસ્તકમાં સાહિત્યકારોનાં ચરિત્રો છે, તો સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે સક્રિય વ્યક્તિઓનાં ચરિત્રો પણ છે. ચિત્રકાર કે પક્ષીવિદ કે વિજ્ઞાનીનો સમાવેશ પણ અહીં થયો છે. ચરિત્રાત્મક સાહિત્યનો તત્કાલીન સમાજના ઘડતરમાં મહત્ત્વનો ફાળો છે.

ગુજરાતી સાહિત્ય પરિષદની શતાબ્દી ગ્રંથશ્રેણીનું આ ૩૬મું પુસ્તક છે. સહૃદયો આ પુસ્તકને ઉમળકાભેર આવકારશે એવી અપેક્ષા.

### ગુજરાતી સાહિત્ય પરિષદ

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭



## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




[**'ગુજરાતી કવિતાચયન : ૨૦૦૬'** : સંપાદક : વિનોદ જોષી, પ્ર.આ. ૨૦૦૯, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૧૦+૧૦૬, કિં. રૂ. ૭૦/-]

કવિશ્રી કાન્ત શતાબ્દી સમિતિ અને શ્રી બ. ક. ઠાકોર શતાબ્દી સમિતિ તરફથી પરિષદને વર્ષનાં ઉત્તમ કાવ્યો પ્રગટ કરવા માટે રૂ. ૧૫,૦૦૦/-નું દાન મળ્યું હતું. એમાંથી 'નવમા દાયકાની કવિતા' શીર્ષક હેઠળ ૧૯૮૧થી ૧૯૯૦ સુધીના એક દાયકાનાં પ્રતિનિધિ કાવ્યોનો સંચય પ્રગટ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૯૯૧થી ૨૦૦૭ના વર્ષ સુધી નિયમિત રીતે પ્રતિ વર્ષ 'ગુજરાતી કવિતાચયન' પ્રગટ થતાં રહ્યાં છે. કાન્ત-બ.ક. ઠાકોર ગ્રંથમાળાના ૧૬મા મણકા રૂપે આ ચયન પ્રકાશિત થાય છે.

વરસોવરસ પ્રગટ થતાં રહેતાં આ ચયનોને ગુજરાતી કવિતાના ચાહકો-ભાવકો તરફથી સારો પ્રતિભાવ મળતો રહ્યો છે. વર્ષ દરમ્યાન પ્રગટ થયેલાં ગુજરાતી સામયિકોમાંથી પસાર થઈને આ 'ગુજરાતી કવિતાચયન : ૨૦૦૬'નું સંપાદન શ્રી વિનોદ જોષીએ કરી આપ્યું છે. વિનોદભાઈ કાવ્યમર્મજ્ઞ છે અને તેમનું કવિતા અને વિવેચનક્ષેત્રે પ્રદાન છે. ભાવકો આ સંચયને આવકારશે એવી અપેક્ષા છે.

[**'ગુજરાતી કવિતાચયન : ૨૦૦૭'** : સંપાદક : સંજુ વાળા, પ્ર.આ. ૨૦૦૯, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૧૪+૧૩૦, કિં. રૂ. ૮૫/-]




ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ૧૯૯૧થી શરૂ થયેલી ગુજરાતી કવિતાચયનની કાવ્યયાત્રામાં કાન્ત-બ.ક. ઠાકોર ગ્રંથમાળાનો આ ૧૭મો મણકો છે. 'ગુજરાતી કવિતાચયન : ૨૦૦૭'ના સંપાદક શ્રી સંજુ વાળા છે. એક વર્ષનું સંપાદન વ્યાપક રીતે કાવ્યસર્જનની પ્રવૃત્તિનું નિર્ણાયક પરિબળ ભલે ન બને; પરંતુ એવું સંપાદન સર્જાતી કવિતાનો આછોપાતળો ચહેરો જરૂર ઉપસાવી શકે છે. એ દૃષ્ટિએ જે-તે વર્ષના કવિતાચયનનું મૂલ્ય સ્વીકારવું ઘટે. વરસોવરસ પ્રગટ થતાં આ ચયનોને ગુજરાતી કવિતાના ચાહકો તરફથી સારો પ્રતિભાવ મળતો રહ્યો છે.

આ ચયનના સંપાદક શ્રી સંજુ વાળાના બે કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા છે. આ ઉપરાંત તેમણે કવિતાનાં સંપાદનો પણ કર્યાં છે.

ભાવકો આ સંચયને ઉષ્માભેર આવકારશે એવી આશા છે.

### ગુજરાતી સાહિત્ય પરિષદ

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭